dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 124 | AD - 2026, Maha Sud - 08 | Monday, Dt. 09-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### મલેશિયાના પ્રધાનમંત્રીએ મોદીની વ્યક્તિગત યાત્રા અને સંઘર્ષની પ્રશંસા કરી

# ભારત અને મલેશિયા વચ્ચે પ્રતિનિધિ મંડળ સ્તરની વાતચીત

કુઆલમપુરમ,તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની મલેશિયા મુલાકાતના બીજા દિવસે મલેશિયાના પીએમ અનવર ઈબ્રાહિમ સાથે પ્રતિનિધિ મંડળ સ્તરની વાટાઘાટો કરી હતી. આ પછી, બંને નેતાઓએ સંયુક્ત પ્રેસ સ્ટેટમેન્ટ અથવા મીડિયા સ્ટેટમેન્ટમાં પોતાના વિચારો શેર કર્યા. પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કરતા મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઈબ્રાહિમે કહ્યું કે બંને દેશોના નેતાઓએ ખૂબ જ સારા સંબંધો સ્થાપિત કર્યા છે. તેમણે પ્રધાનમંત્રી મોદી અને તેમની ટીમ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી અને કહ્યું, "અમે કેટલાક એવા મુદ્દાઓ પર ચર્ચા કરી છે જે ચિંતાજનક છે, જેનું ધ્યાન અમારી ટીમો દ્વારા ઉઠાવવું જોઈએ. અમે તમામ ક્ષેત્રોમાં વધુ સહયોગની આશા રાખીએ છીએ, અને આ મુલાકાત મારા માટે વ્યક્તિગત રીતે પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે." મલેશિયાના પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી મોદીની વ્યક્તિગત યાત્રા અને સંઘર્ષની પ્રશંસા કરી. તેમણે કહ્યું, "મેં તમારા સંઘર્ષને અનુસર્યો છે, અને હું કહું છું કે હું



મોદીજી અને ભારતનો એક મહાન અંગત મિત્ર બનવાનું ભાગ્યશાળી છું." ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "હું તમારો હૃદયથી આભાર માનું છું. તમે જે રીતે મારું અને મારી ટીમનું સ્વાગત કર્યું, અને આ થોડા કલાકોમાં મલેશિયાના જીવનને ખૂબ સુંદર રીતે રજૂ કર્યું, પરંપરાગત રિવાજોથી આગળ વધીને, અને બધું ખૂબ જ સુંદર રીતે ગોઠવ્યું, તે હંમેશા અમારી યાદોમાં રહેશે. આ માટે, હું મારો નિષ્ઠાવાન અને ખાસ આભાર વ્યક્ત કરું છું." હું આ મિત્રતાની ઊંચાઈ અને ઊંડાઈની સંપૂર્ણ પ્રશંસા કરું છું, અને હું તેના માટે ઊંડો આભાર વ્યક્ત કરું છું. પ્રધાનમંત્રી તરીકે ત્રીજી વખત મલેશિયાની મુલાકાત લેવી મારા માટે ખૂબ જ મોટો લહાવો છે, અને આપણી મિત્રતા એવી છે કે મને તમારા કાર્યકાળ દરમિયાન ચોથી વખત તમને મળવાની તક મળી રહી છે. આ આપણા સંબંધોની ગતિ અને ગતિશીલતાને પ્રતિબિંબિત કરે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આપણા દ્વિપક્ષીય સંબંધોએ જે ગતિ અને ઊંડાણ મેળવ્યું છે તે ખરેખર પ્રેરણાદાયક છે. હું આ માટે આપનો ખાસ આભાર માનું છું." મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઈબ્રાહિમ સાથેની મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારત અને મલેશિયા તેમના સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જવા માંગે છે. તેમણે કહ્યું કે વૈશ્વિક અસ્થિરતાના વર્તમાન યુગમાં બંને દેશો વચ્ચે સહયોગ વધુ મહત્વપૂર્ણ બની ગયો છે.

### પીએમ મોદી મલેશિયામાં આઝાદ હિંદ ફોજમાં ફરજ બજાવેલ નેતાજી સુભાષ ચંદ્ર બોઝના સાથીદારને મળ્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વતંત્રતા નાયક નેતાજી સુભાષ ચંદ્ર બોઝના સાથી જયરાજ રાજા, ભારતીય રાષ્ટ્રીય સેનાના દિગ્ગજ સૈનિક, જેને આઝાદ હિંદ ફોજ તરીકે પણ ઓળખવામાં આવે છે, રવિવારે કુઆલાલંપુરમાં મળ્યા હતા. તેમણે આઇએનએના અસાધારણ હિંમત, વારસો અને બલિદાન માટે તમામ ભારતીયોનો આભાર વ્યક્ત કર્યો હતો. પીએમ મોદીએ મુલાકાત પછી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું, "તમે હંમેશા નેતાજી સુભાષચંદ્ર બોઝને યાદ કરો છો. અને અમે આઝાદ હિંદ ફોજના બહાદુર પુરુષો અને મહિલાઓના ઋણી રહીશું, જેમની બહાદુરીએ ભારતનું ભાગ્ય ઘડ્યું હતું.

# કોઈપણ જાતિનો હિન્દુ વ્યક્તિ RSSનો વડા બની શકે છે : મોહન ભાગવત

મુંબઈ,તા.૮

મુંબઈમાં આરએસએસ શતાબ્દી સમારોહ નિમિત્તે, સરસંઘચાલક મોહન ભાગવતે સ્પષ્ટતા કરી હતી કે કેવા પ્રકારનો વ્યક્તિ આરએસએસનો વડા બની શકે છે. તેમણે કહ્યું કે કોઈપણ જાતિનો વ્યક્તિ આરએસએસનો વડા બની શકે છે. તેમણે કહ્યું કે જવાબદારી તેમને આપવામાં આવે છે જેઓ કાર્ય પ્રત્યે સમર્પિત છે. મોહન ભાગવતે આરએસએસની કામગીરી, ભવિષ્યની દિશા અને સામાજિક સંવાદિતા અંગે સ્પષ્ટપણે પોતાના વિચારો વ્યક્ત કર્યા. તેમણે કહ્યું કે સંઘના વડા ન તો બ્રાહ્મણ છે, ન તો ક્ષત્રિય છે, ન તો વૈશ્ય છે. સંઘમાં, વ્યક્તિનું મૂલ્ય તેમના કાર્યમાં રહેલું છે.




# પં.બંગાળમાં ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી માટે અંતિમ મતદાર યાદી જાહેર કરવામાં વિલંબ થાય તેવી શક્યતા

કોલકતા,તા.૮

પશ્ચિમ બંગાળમાં અંતિમ મતદાર યાદી SIR પ્રક્રિયા પૂર્ણ થયા પછી ૧૪ ફેબ્રુઆરીએ જાહેર થવાની છે, પરંતુ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીએ ચૂંટણી પંચને પત્ર લખીને સાત દિવસ લંબાવવાની વિનંતી કરી છે. મુખ્ય ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર, છેલ્લી ઘડીની સુનાવણીમાં વધુ સમય લાગી શકે છે. આ કારણે, ૨૧ ફેબ્રુઆરી પહેલાં યાદી પ્રકાશિત થવાની શક્યતા ઓછી છે. સુનાવણી અને વાંધા નિવારણ પ્રક્રિયા ૭ ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ થવાની હતી, પરંતુ પંચે છેલ્લી ઘડીએ મુદત વધારવા માટે અરજી કરવી પડી. આ માટે,



બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીએ દિલ્હીના ચૂંટણી પંચ પાસેથી ઔપચારિક રીતે મુદત વધારવાની વિનંતી કરી છે જેથી ફોર્મ ૬ ભરવા સહિતની સુનાવણી અને અન્ય વાંધા નિવારણ પ્રક્રિયાઓ યોગ્ય રીતે પૂર્ણ થઈ શકે. મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય અનુસાર, લગભગ ૯૫% સ્થળોએ સુનાવણી પૂર્ણ થઈ ગઈ છે. જોકે, જોઈ શકાય છે તેમ, ઉત્તર ૨૪ પરગણાના નોઆપારા વિધાનસભા મતવિસ્તારમાં માત્ર એક કેન્દ્ર, દક્ષિણ ૨૪ પરગણાના સાત કેન્દ્ર, કોલકાતા ઉત્તરમાં એક, કોલકાતા દક્ષિણ બંદરમાં એક અને હાવડામાં એક કેન્દ્ર હજુ પણ સુનાવણી હેઠળ છે. ઘણી જગ્યાએ સુનાવણી પૂર્ણ થઈ હોવા છતાં, તે કમિશનના ડેટાબેઝમાં અપલોડ કરવામાં આવી નથી. પરિણામે, ઉચ્ચતમ સ્તરે એકત્રિત કરવામાં આવેલી માહિતી અપલોડ કરવાની પ્રક્રિયા હજુ પણ ૨૫% થી વધુ અપૂર્ણ છે. સમાધાન અથવા અંતિમ નિર્ણય લેવાની પ્રક્રિયા પણ માત્ર ૩૦-૩૫% પૂર્ણ થઈ છે, જે સમયપત્રકથી ઘણી પાછળ છે.

## માઓવાદીઓએ હિંસાનો ત્યાગ કરતા પ્રદેશમાં શાંતિ પાછી આવી રહી છે : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ



જગદલપુર,તા.૮

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બસ્તર પંડુમનું ઉદ્‌ઘાટન કરવા પહોંચ્યા હતા. મુલાકાત દરમિયાન, તેમણે કહ્યું કે માઓવાદીઓ સામે સરકારની નિર્ણાયક કાર્યવાહીથી બસ્તર ક્ષેત્રમાં ભય અને અવિશ્વાસનું વાતાવરણ સમાપ્ત થયું છે. બસ્તરમાં વિકાસની એક નવી સવાર ઉગી રહી છે. રાષ્ટ્રપતિએ હિંસાનો ત્યાગ કરીને મુખ્ય પ્રવાહમાં જોડાનારાઓને અપીલ કરી, તેમને બંધારણ અને લોકશાહીમાં વિશ્વાસ રાખવા અને શાંતિના માર્ગથી ભટકાવવાનો પ્રયાસ કરનારાઓથી ગેરમાર્ગે ન જવા વિનંતી કરી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, "બસ્તરની કુદરતી સુંદરતા અને સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાઓ હંમેશા લોકોને આકર્ષિત કરતી રહી છે, પરંતુ કમનસીબે, આ પ્રદેશ વર્ષોથી માઓવાદના ભયથી પીડાતો રહ્યો છે." તેમણે કહ્યું કે નક્સલવાદે યુવાનો, આદિવાસીઓ અને દલિતોને સૌથી વધુ નુકસાન પહોંચાડ્યું છે. તેમણે કહ્યું કે માઓવાદી પ્રવૃત્તિઓમાં સામેલ લોકો હવે હિંસાનો ત્યાગ કરી રહ્યા છે, જેના કારણે આ પ્રદેશમાં શાંતિ પાછી આવી રહી છે.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
સોમવાર, તા.૦૯-૦૨-૨૦૨૬

# દામનગરના યુવાને ઉચ્ચ શિક્ષણ છોડી બીએપીએસ સંસ્થાનો ત્યાગાશ્રમ સ્વીકાર્યો

દામનગર,તા.૦૮

દામનગર શહેરના લેઉવા પટેલ સમાજના સામાન્ય શ્રમિક પરિવારમાંથી આવતા મહિર ભરતભાઈ તાગડીયાએ ઉચ્ચ શિક્ષણ અને આકર્ષક કારકિર્દીનો માર્ગ છોડીને BAPS સ્વામિનારાયણ સંસ્થાનો ત્યાગાશ્રમ સ્વીકાર્યો છે. આ પ્રસંગે સૌરાષ્ટ્રભરના



વિવિધ BAPS મંદિરોના વરિષ્ઠ સંતોની પાવન નિશ્રામાં ભવ્ય સત્સંગ સભા યોજાઈ હતી. પૂજ્ય સંતોએ ત્યાગ, સેવા અને વૈરાગ્યના મહિમા પર પ્રકાશ પાડી સાધુ જીવનની મહત્તા સમજાવી. દામનગર અને ગ્રામ્ય વિસ્તારોમાંથી હજારો હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આગામી માર્ચ મહિનામાં સાળંગપુર ધામ ખાતે ૩૧ યુવાનો દીક્ષા ગ્રહણ કરશે. મહિર તાગડીયાના માતા-પિતાએ એકમાત્ર પુત્રના ત્યાગ માર્ગને પ્રસન્નતાપૂર્વક સ્વીકારી ગૌરવ વ્યક્ત કર્યું હતું.

**૨૮ ડ્રાઈવરો આવ્યા તો ૨૨ ડ્રાઈવરો અન્ય ડેપોમાં ગયા**

# બગસરા એસ.ટી. ડેપોમાં નવા ડ્રાઈવરો આવતા મોટાભાગના બંધ થયેલા રૂટ શરૂ

**જેમ-જેમ ડ્રાઈવરો આવતા જશે તેમ નવા રૂટ શરૂ કરવામાં આવશે : ડેપો મેનેજર**

બગસરા, તા.૦૮

બગસરા એસ.ટી.ડેપોમાં ડ્રાઈવરોની ઘટ હોવાથી બસનું સંચાલન કરવુ મુશ્કેલ બન્યુ હતું. ડ્રાઈવરની ઘટને કારણે અનેક મહત્વના રૂટ બંધ કરવા પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ થયુ હતું. રાજયના વાહનવ્યવહાર વિભાગ દ્વારા નવા ડ્રાઈવરોની નિમણૂંક કરવામાં આવતા બગસરા ડેપોમાં મોટાભાગના બંધ થયેલા રૂટ ફરી શરૂ કરવામાં આવ્યા છે. અમરેલી એસ.ટી.ડિવિઝનમાં ડ્રાઈવરોની સૌથી વધુ ઘટ બગસરા ડેપોમાં જોવા મળતી હતી. જેના કારણે અનેક રૂટ બંધ કરવાની ફરજ પડી હતી. રાજય સરકારે નવા ડ્રાઈવરોની ભરતી કરતા બગસરા ડેપોમાં નવા અને અન્ય ડેપોમાંથી ૨૮ જેટલા ડ્રાઈવરો આવતા મહદઅંશે ડ્રાઈવરોની ઘટ હલ થઈ છે. જો કે બગસરા ડેપોમાંથી ૨૨ જેટલા ડ્રાઈવરો અન્ય ડેપોમાં ગયા બાદ પણ રૂટને કોઈ અસર પહોંચી નથી. આ અંગે ડેપો મેનેજર નિમિષાબેન ગઢવીએ જણાવ્યું હતુ કે, બગસરા ડેપોમાં હજુ પણ અન્ય ડેપોમાંથી ડ્રાઈવરો આવવાનું શરૂ છે એટલે આગામી સમયમાં બગસરા ડેપોમાં ડ્રાઈવરોની ઘટ બુરાઈ જશે. નવા ડ્રાઈવરો આવતા દ્વારકા, વડોદરા વાયા-વલ્લભવિદ્યાનગર, માતાના મઢ સહિતની બસ શરૂ કરવામાં આવે તેવી મુસાફર જનતા માંગ કરી રહી છે.

# લાલાવદર ખાતે નવી પ્રાથમિક શાળાનું મંત્રી કૌશિક વેકરીયાના હસ્તે ખાતમુહૂર્ત

અમરેલી, તા.૦૮

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવવાના સંકલ્પ સાથે અમરેલી તાલુકાના લાલાવદર ગામે પ્રાથમિક શાળાના નવા મકાનનું ભવ્ય ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. ઉર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના વરદ હસ્તે આ કાર્યક્રમ યોજાયો હતો. અંદાજિત રૂ. ૧.૪૭ કરોડના ખર્ચે તૈયાર થનારી આ નવી પ્રાથમિક શાળા તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ હશે. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય સ્તરના બાળકોને ગુણવત્તાયુક્ત અને સુવ્યવસ્થિત શિક્ષણ મળી રહે તે માટે સરકાર કટિબદ્ધ છે. આ મકાન તૈયાર થવાથી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે અનુકૂળ વાતાવરણ મળશે, જે ગ્રામ્ય શિક્ષણમાં મહત્વપૂર્ણ



ભૂમિકા ભજવશે. વિકાસની ગતિ અમરેલી, વડીયા અને કુંકાવાવ તાલુકાઓમાં શિક્ષણના સર્વાંગી વિકાસ માટે આયોજનબદ્ધ રીતે શાળાઓના નિર્માણની કામગીરી ચાલી રહી છે. મંત્રીએ આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, શિક્ષણ ક્ષેત્રે નવું સોપાન શરૂ થતા નવી સુવિધાઓના કારણે શાળાઓમાં બાળકોની સંખ્યા વધશે અને ડ્રોપ-આઉટ રેશિયો પણ ઘટશે. આ કાર્યક્રમમાં અગ્રણી અતુલભાઈ કાનાણી, ચેતનભાઈ ધાનાણી તેમજ સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**આ કાર્યક્રમમાં સ્થાનિક આગેવનોનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા**

# વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલમાં ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

બાબરા, તા.૦૮

વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલ ખાતે ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય અને શુભેચ્છા આપવાનો સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય, શિક્ષકગણ તેમજ સંચાલક મંડળના મે.ટ્રસ્ટી મનજીબાપા તળાવિયા ઉપસ્થિત રહ્યા હતા. ધોરણ



૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ ચૌહાણ મીત, મકવાણા સિયા, રાઠોડ હેમાંગી, સોલંકી ખુશી, બાવળિયા અસ્મા, ખસિયા જેનીલ, ખસિયા તમન્નાએ શાળામાં વિતાવેલા વર્ષોના સંસ્મરણો વાગોળ્યા હતા.

# ગામની સુરક્ષાને ધ્યાને લઈ ચમારડી ગ્રામ પંચાયતે સીસીટીવી કેમેરા લગાવ્યા

અમરેલી,તા.૦૮

બાબરા તાલુકાના ચમારડી ગ્રામ પંચાયતે સુરક્ષાની દિશામાં અનોખી અને અનુકરણીય પહેલ કરી છે. ગામમાં હવે ચોવીસે કલાક 'ત્રીજી નજર'નો પહેરો રહેશે. ગ્રામ પંચાયત દ્વારા મુખ્ય પ્રવેશદ્વારો, ચોક તેમજ સંવેદનશીલ વિસ્તારોમાં ૧૦ હાઈ-ડેફિનેશન સીસીટીવી કેમેરા સ્થાપિત કરી સમગ્ર ગામને ડિજિટલ સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે. મહિલા સરપંચ દયાબેન જીવનભાઈ પીઢડિયાએ જણાવ્યું કે બદલાતા સમય સાથે ગામડાઓએ પણ સુરક્ષા મામલે આત્મનિર્ભર બનવું જરૂરી છે. ચોરીના બનાવો અટકાવવા, મિલકતની સુરક્ષા અને મહિલા-બાળકોની સલામતી માટે આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ સાબિત થશે. અનિચ્છનીય બનાવોમાં સીસીટીવી



ફૂટેજ પોલીસ તપાસ માટે મજબૂત પુરાવો બનશે.

# કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને માર્ગ સલામતી સમિતિની બેઠક

અમરેલી,તા.૦૮

જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાની માર્ગ સલામતીની વિવિધ કામગીરી બાબતે વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. બેઠકમાં સ્પીડ લિમિટ, નિયમ મુજબનાં સાઈનેઝ બોર્ડ લગાવવા, વૃક્ષનું યોગ્ય સમયે ટ્રીમીંગ કરાવવું, સ્પીડ બ્રેકર, રમ્બલ સ્ટ્રીપ, શેવરોન બોર્ડ, કેટ આઈઝ વગેરેનો ઉપયોગ કરી રોડ અકસ્માત ઘટાડવા રોડ એન્જિનીયરીંગને લગત પગલાં લેવા બાબતે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વાહન ચાલકોની સલામતી જળવાય અને ટ્રાફિકને લગતા નિયમોનું પાલન થાય તે માટે હેલમેટ, સીટબેલ્ટ, ઓવર સ્પીડીંગ સહિતના કાયદાઓનું વાહચાલકો અસરકારક પાલન કરે તે માટે જિલ્લા કલેક્ટરે જરૂરી સૂચના આપી હતી. વાહનચાલકોની સલામતી સુનિશ્ચિત થાય તે માટે જરૂરી કાયદાઓનો અમલ સતત અને



નિયમિત રીતે કરવા માટે કલેક્ટરે સૂચનાઓ આપી હતી. જાન્યુઆરી ૨૦૨૬ માસ દરમિયાન રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ અંતર્ગત અમરેલી એ.આર.ટી.ઓ અમરેલી અને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ, સીટ બેલ્ટ, રીફ્લેક્ટર, પી.યુ.સી, ફેન્સી નંબર પ્લેટ, નંબર પ્લેટ વગરના વાહન, હાઈબીમ લાઈટ સહિતની બાબતોને લઈને જનજાગૃતિ પ્રસરાવવામાં આવી હતી. સ્કૂલ કોલેજ કક્ષાએ રોડ સેફ્ટી લગત જનજાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. ડ્રાઈવરો માટે આંખ, બ્લડ પ્રેશર, સુગર તપાસ માટે આરોગ્ય વિભાગની મદદથી મેડિકલ કેમ્પ યોજાયો હતો. વાહન ચાલકોએ સલામતી માટે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવો, અતિશય ઝડપે વાહન ચલાવવું નહીં વગેરે બાબતોને લઈને કાળજી રાખવી હિતાવહ છે. માર્ગ સલામતી માટે વિવિધ કચેરીઓ દ્વારા થયેલી કામગીરીની સંકલિત વિગતો સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂ કરવામાં આવી હતી. અમરેલી જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ આ બેઠકમાં એ.એસ.પી. જયવીર ગઢવી, સંબંધિત વિવિધ કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્સર અંગે જાગૃતિ લાવવા બગસરા મેઘાણી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા રેલી

બગસરા, તા.૦૮

અમરેલી જિલ્લામાં ભારત સ્કાઉટ ગાઈડ સંઘ, સ્પર્શ કેન્સર કેર, ફીટ ઈન્ડિયા અને બિમ્સ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે કેન્સર એવરનેસ વોકેથોન યોજાઈ હતી. બગસરા મેઘાણી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ, સ્કાઉટ-ગાઈડ તથા એનસીસી કેડેટ્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ મેઘાણી હાઈસ્કૂલથી વિજય ચોક, તિરુપતિ સોસાયટી



તસવીર : મયુર પંડ્યા

અને મેઈન રોડ સુધી રેલી કાઢી વ્યસનમુક્તિ અને કેન્સર અંગે જાગૃતિ ફેલાવી હતી. વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર અને બેનર દ્વારા લોકોમાં વ્યસનમુક્તિનો સંદેશ પહોંચાડ્યો હતો. કાર્યક્રમમાં આચાર્ય વી.કે. જેઠવા, સ્નેહી પરમાર, રામોલીયાભાઈ સહિત શિક્ષકોએ માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન દીપાબેન ગોહિલ, જીજ્ઞેશભાઈ વડેરાએ કર્યુ હતું. કાર્યક્રમના અંતે સ્પર્શ કેન્સર કેર તરફથી વિદ્યાર્થીઓને મેડલ-સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં પાલિકા પ્રમુખ પ્રતિનિધિ એ.વી. રીબડીયા, રાજુભાઈ ગીડા, કમલેશ જોષી સહિતનાઓ હાજર રહ્યા હતા.

**ભાગ લેનાર વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ અને મેડલ આપવામાં આવ્યા**

**મોરંગી ગામની ઘટના**

# તું કેમ અમારા દીકરાને હેરાન કરે છે કહેતા મુંઢ માર મારીને ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી

**ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાઈ**

રાજુલા, તા.૦૮

રાજુલાના મોરંગી ગામે એક ચોંકાવનારી ઘટના બની હતી. તું કેમ અમારા દીકરાને હેરાન કરે છે કહેતા મુંઢમાર મારીને ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે કનુભાઈ પ્રાગજીભાઈ વીસા (ઉ.વ.૪૦) એ મહેશભાઈ રમેશભાઈ સોલંકી, મુકેશભાઈ રમેશભાઈ સોલંકી તથા રમેશભાઈ પુંજાભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમનો દીકરો પ્રકાશભાઈ તથા જગુભાઈ સોલંકીનો દીકરો આયુષ અને આયુષના કાકાનો દીકરો ત્રણેય તેના ઘરની બાજુમાં આવેલ નદીમાં બકરા ચરાવતા હતા અને નદીમાં નહાતા હતા. આ વખતે મહેશભાઈ સોલંકી ત્યાંથી નીકળેલ અને આયુષ તથા તેના કાકાનો દીકરો રાડો પાડતાં હતા જેથી તેમણે તેના દીકરા પ્રકાશને કહેવા લાગેલ કે 'તું કેમ અમારા દીકરાને હેરાન કરે છે.' તેમ કહી ઉશ્કેરાઈ જઈ તેના દીકરા પ્રકાશને શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢમાર મારી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી હતી. તેમજ તેના દીકરા પ્રકાશને સારવારમાં લઈ જતાં હતા તે વખતે 'તમે અમારા ઉપર ફરિયાદ કરશો તો તમારા ટાંટીયા ભાંગી નાખીશું' તેવી ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.









# સા.કુંડલામાં શ્રીજી ગૌસેવા ટ્રસ્ટનો સેવાયજ્ઞ: ઉત્તરાયણ બાદ ગાયોને આફરાથી બચાવવા ૧૫૦૦ કિલો આયુર્વેદિક લાડવા ખવડાવ્યા

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલા સ્થિત શ્રીજી ગૌસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બીમાર, અશક્ત અને રખડતી ગાયોની સેવાના ભાગરૂપે આ વર્ષે પણ ઉત્તરાયણના બીજા દિવસે એટલે કે ૧૫મી જાન્યુઆરીના રોજ ૧૫૦૦ કિલો આયુર્વેદિક લાડવા ખવડાવવામાં આવ્યા હતા. ઉત્તરાયણના દિવસે વધારે પડતી ઘૂઘરી તેમજ લીલો ઘાસચારો ખાવાથી ગૌમાતાને આફરો ચડવાની અને ઘણી વખત મૃત્યુ



તસવીર : સૌરભ દોશી

પામવાની ઘટનાઓ બનતી હોય છે. આથી ગાયોને આફરામાંથી મુક્તિ મળે અને તેમનો જીવ બચે તેવા ઉદ્દેશ્યથી વેટરનરી સર્જનની સલાહ મુજબ આયુર્વેદિક લાડવા તૈયાર કરવામાં આવ્યા હતા. સંસ્થાના ૩૫ જેટલા યુવાનોએ ૧૦ મોટરસાયકલ અને ૬ છોટાહાથી તથા રિક્ષા જેવા વાહનો દ્વારા શહેરના અંતરિયાળ વિસ્તારો અને ગલીએ-ગલીએ ફરીને આ લાડવા ગાયોને ખવડાવ્યા હતા.

**ઉર્જામંત્રી કૌશિક વેકરીયાએ માલધારી અને દેવીપૂજક પરિવારોને વીજળી મળે તે માટે સતત પ્રયત્નો કર્યા**

# બગસરાના સુડાવડ ગામના સીમ વિસ્તારમાં ચાર દાયકા બાદ વીજળી પહોંચી

**જ્યોતિગ્રામ યોજના નીચે સામાન્ય લોકોને લાભ મળે તે માટે સરકાર પ્રતિબધ્ધ : કૌશિક વેકરીયા**

અમરેલી,તા.૦૮

બગસરા તાલુકાના સુડાવડ ગામ નજીક સીમ વિસ્તારમાં વસતા ૧૫ માલધારી અને દેવીપૂજક પરિવારોને આઝાદીના ચાર દાયકાના લાંબા સમય બાદ પ્રથમવાર વીજળી મળી છે. રાજ્ય કક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયાના સતત પ્રયાસોને કારણે આ પરિવારોનું વીજળીનું સ્વપ્ન સાકાર થયું છે. આ પરિવારો છેલ્લા ૪૦ વર્ષથી અંધકારમાં જીવી રહ્યા હતા. ૨૧મી સદીના આધુનિક યુગમાં પણ તેઓ સૂર્યાસ્ત પછી માત્ર કેરોસીનના દીવાના સહારે જીવન ગુજારતા હતા. દસ્તાવેજોની ગૂંચવણો અને વહીવટી અવરોધોને કારણે આ વસાહતમાં વીજળી પહોંચી શકી ન હતી. વીજળી આવતાની સાથે જ આ ૧૫ ઘરોમાં લાઈટ, પંખા અને ટીવી શરૂ થઈ ગયા છે. ગૃહિણીઓને દૂધ અને અન્ય ખાદ્યસામગ્રી સાચવવા માટે ફ્રીજની સુવિધા પણ ઉપલબ્ધ બની છે. અત્યાર સુધી દીવાના આછા પ્રકાશમાં અભ્યાસ કરતા બાળકો હવે વીજળીના અજવાળે પોતાનું ભવિષ્ય ઘડી શકશે. આ વીજળી પહોંચાડવામાં સરપંચના સતત ફોલોઅપ અને રાજ્ય સરકારની ત્વરિત કામગીરીએ મહત્વનો ભાગ ભજવ્યો છે. મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જ્યોતિગ્રામ યોજના હેઠળ આ દૂરના વિસ્તારોમાં વીજળી પહોંચાડવા માટે પ્રયાસો કર્યા હતા. સ્થાનિક રહેવાસી છાયાબેન મકવાણાએ જણાવ્યું કે, "વર્ષોથી વીજળીની મોટી સમસ્યા હતી, જેના કારણે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. દૂધ બગડી જતું હતું અને બાળકોને ભણવામાં ખૂબ જ તકલીફ પડતી હતી. હવે વીજળી આવતા ખૂબ ખુશી છે." અન્ય એક રહેવાસી હરિભાઈ મકવાણાએ ઉમેર્યું કે, "વીજળી આવતા બધી સુવિધાઓ મળી છે. હવે બહેન-દીકરીઓને મૂકીને બહારગામ જવાની ચિંતા નથી."રાજ્ય કક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ આ અંગે જણાવ્યું કે, "જ્યોતિગ્રામ યોજના હેઠળ સામાન્ય લોકો સુધી લાભ પહોંચાડવાનો અમારો ઉદ્દેશ્ય છે. ગામથી દૂર રહેતા આ ૧૫ માલધારી અને દેવીપૂજક પરિવારોમાં વીજળી આવતા ખુશીનો માહોલ છે."



# કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ દ્વારા ગાંધી મેળો યોજાયો

અમરેલી,તા.૦૮



સાવરકુંડલા ખાતે કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ દ્વારા ગાંધી મેળાનું આયોજન કરાયું હતું. આ મેળાનો મુખ્ય ઉદ્દેશ્ય 'આત્મનિર્ભર ભારત'ની ઝલક પ્રદર્શિત કરવાનો હતો, જેમાં વિવિધ પ્રદર્શનો અને સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા.મેળામાં ગ્રામ્ય હસ્તકલા, ખાદી ઉત્પાદનો, વિવિધ યોજનાઓ અને મહિલા સ્વસહાય જૂથો દ્વારા તૈયાર કરાયેલા ઉત્પાદનોના સ્ટોલ મુખ્ય આકર્ષણ રહ્યા હતા. આ આયોજન મહાત્મા ગાંધીજીના સ્વદેશી અને સ્વાવલંબનના સિદ્ધાંતોને અનુરૂપ હતું.

# રાજુલાની જીએમબી પોલીટેકનિકમાં યોજાયેલા ખેલ મહોત્સવમાં વિજેતા ખેલાડીઓને સન્માનિત કરાયા

રાજુલા,તા.૦૮



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા ખાતે આવેલી જી.એમ.બી. પોલીટેકનિકમાં ત્રિ-દિવસીય ખેલ મહોત્સવનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં ક્રિકેટ, વોલીબોલ, કબડ્ડી, ખો-ખો, ડિસ્ક થ્રો, ગોળા ફેંક, બેડમિન્ટન, દોડ, કેરમ, ચેસ, સુડોકુ અને એક મિનિટ ગેમ સહિત કુલ ૧૫ જેટલી વિવિધ રમતો યોજાઈ હતી. કાર્યક્રમમાં ૧૮૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિજેતા ખેલાડીઓને મેડલ, સર્ટિફિકેટ અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમાપન પ્રસંગે આચાર્ય પ્રો. ડી.વી. ખખ્ખરે જીવનમાં રમતગમતનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને પ્રેરણા આપી અને સફળ આયોજન બદલ સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

**ખેડૂતોને કૃષિના વિવિધ આયામો વિષયક વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું**

# રાંદલના દડવા ગામે પ્રાકૃતિક કૃષિ તાલીમશાળાનું આયોજન કરાયું

અમરેલી,તા.૦૭



અમરેલીના નેજા હેઠળ દડવા રાંદલ મુકામે પ્રાકૃતિક કૃષિ તાલીમશાળાનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. તાલીમશાળામાં પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો વિષયક વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન ખેડૂતોને આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં મહિલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ તાલીમશાળાનો લાભ મેળવ્યો હતો. તાલીમશાળા દ્વારા ખેડૂતોને પર્યાવરણમિત્ર અને ખર્ચ બચતવાળી પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી. દડવા રાંદલ ગામના ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિમાં બીજ સંરક્ષણ અને સ્વદેશી બીજનો ઉપયોગ, જીવામૃત અને ઘનજીવામૃત દ્વારા જમીન પોષણ, આચ્છાદન (મલ્ચિંગ), જીવાત અને રોગ નિયંત્રણના કુદરતી ઉપાયો, વૈવિધ્યસભર ખેતી અને પ્રાકૃતિક સંતુલન ઉપરાંત રાસાયણિક ખેતી થકી માનવ આરોગ્ય પર ખતરો અને જમીનની ઘટતી જતી ગુણવત્તા સંદર્ભે માહિતી પ્રાપ્ત કરી હતી. એગ્રીકલ્ચર આસિસ્ટન્ટ જનકભાઈ ચાવડા દ્વારા ભવિષ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ અને ખેડૂત સમૃદ્ધિ સહિતની બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સમગ્ર ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ સતત અને નિરંતર વધી રહ્યો છે. અમરેલી જિલ્લામાં પણ અનેક ખેડૂતોએ પરંપરાગત કૃષિ પદ્ધતિ છોડીને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને અપનાવી છે. જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ અન્વયે ધાન્ય પાકો, બાગાયતી પાક, કઠોળ સહિત વિવિધ પાકોનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમશાળાઓ થકી ખેડૂતોમાં સ્વસ્થ જમીન, ગુણવત્તાસભર પાક ઉત્પાદન અને સ્થિર કૃષિ વ્યવસ્થા અંગે સકારાત્મક દ્રષ્ટિકોણ વિકસે છે.

# સા.કુંડલાના નેસડી રોડથી જૈન બોર્ડિંગ તરફ જતાં રસ્તાના નવીનીકરણમાં અસાધારણ વિલંબથી લોકો પરેશાન

સાવરકુંડલા, તા.૦૮



સાવરકુંડલા શહેરના નેસડી રોડથી જૈન બોર્ડિંગ તરફ જતો 'કાપેલ ધાર' રસ્તો છેલ્લા ત્રણેક મહિનાથી નવીનીકરણના નામે બંધ હાલતમાં છે. વિકાસની વાતો વચ્ચે આ વિસ્તારના વેપારીઓ માટે આ રસ્તો જાણે આર્થિક પાયમાલીનો માર્ગ બની ગયો છે. ખોદકામ કરીને છોડી દેવાયેલા રસ્તાને કારણે વેપારીઓના ધંધા-રોજગાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયા છે. સામાન્ય રીતે કોઈપણ રસ્તાનું કામ શરૂ કરતા પહેલા ગટર લાઈન, પાણીની પાઈપલાઈન અને કેબલ નેટવર્કનું આગવું મેનેજમેન્ટ હોવું અનિવાર્ય છે. પરંતુ અહીં સ્થિતિ કંઈક અલગ જ છે. રેતી, મજૂર કે મટીરિયલની અછતના બહાના હેઠળ મહિનાઓ સુધી કામ લંબાવવું એ કેટલે અંશે વ્યાજબી છે? શું તંત્ર પાસે આટલા નાના કામ માટે કોઈ ચોક્કસ સમયમર્યાદા નથી? તેવા પ્રશ્નો સ્થાનિકો પૂછી રહ્યા છે. સ્થાનિક વેપારીઓના જણાવ્યા અનુસાર, રસ્તો બંધ હોવાથી ગ્રાહકોની અવરજવર શૂન્ય જેવી થઈ ગઈ છે. વેપારીઓ સવારે આશા સાથે દુકાને આવે છે, ભગવાનની સેવા-પૂજા અને ધૂપ-દીપ કરે છે, પછી દુકાન વધાવી ઘરે પરત ફરે છે.

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના ખેલાડીઓએ હેન્ડબોલ સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ સુવર્ણપદક મેળવ્યો

અમરેલી, તા.૦૮



સોમનાથ ખાતે ૨૭ થી ૩૧ જાન્યુઆરી દરમિયાન ૬૯ ઓલ ઈન્ડિયન સ્કૂલ હેન્ડબોલ અંડર-૧૯ ભાઈઓની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભરના અલગ-અલગ રાજ્યોની શ્રેષ્ઠ શાળાકીય હેન્ડબોલ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ગજેરા કેમ્પસ –વિદ્યાસભાના DLSS ખેલાડીઓએ ગુજરાત રાજ્ય તરફથી ટીમમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં કટોકટીના મુકાબલા વચ્ચે ગુજરાતની અંડર-૧૯ ભાઈઓ હેન્ડબોલ ટીમે સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરી ફાઈનલ સુધીની સફર સફળ બનાવીને સુવર્ણ પદક મેળવી રાજ્યનું ગૌરવ વધાર્યું છે. જેમાં આ સંસ્થાના ૧) સોલંકી વિજય, ૨) વસુ ઉસડ અને ૩) નૈતિક બાંભરોલીયા ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના DLSS ખેલાડીઓ છે. ગુજરાતની ટીમમાં ગજેરા કેમ્પસના ત્રણ પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી થવી એ સમગ્ર જિલ્લા માટે ગર્વની બાબત બની છે. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ હેન્ડબોલ ખેલાડી ટીમ, કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર કમલેશભાઈ ભાલીયા, ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા.


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


# જિલ્લામાંથી ૭ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે ૭ શરાબીને ઝડપી પાડ્યા હતા. બાબરા, કડીયાળી, મોટા ભંડારીયા, ચિત્તલ, મોટા મુંજીયાસર, રાજુલા, ચતુરી ગામેથી વગર પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# અવસાન નોંધ

**દામનગર**

દામનગર નિવાસી ઔદીચ્ય સહસ્ત્ર ઝાલાવાડી બ્રાહ્મણ ગં. સ્વ. અરુણાબેન ચંદ્રકાંતભાઈ આચાર્ય (ઉ.વ.૭૪)નું તા.૦૫/૦૨/૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે. તે સ્વ.ચંદ્રકાંતભાઈ (બટુકભાઈ) આચાર્યના પત્ની, તે દેવેન્દ્રભાઈ તથા અમિતભાઇના માતૃશ્રી, પ્રફુલા તથા શિલ્પાના સાસુ, જૂહી, નંદીની, વીર, વ્રજના દાદી, સ્વ. મનુભાઇ ઠાકર (અમરેલી)ના દિકરી, પંકજભાઇ, પ્રકાશભાઈ પ્રદિપભાઇના મોટા બહેન થાય છે. બેસણું તા.૯ને સોમવારે સવારે ૮:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

**ધોરાજી**

શ્રી દશા સોરઠિયા વણિક, ધોરાજી નિવાસી ગ. સ્વ. સરલાબેન વૈકુંઠભાઈ માધાણી (ઉંમર -૮૦ વર્ષ) તે વિજયભાઈ, નયનભાઈ, હિતેશભાઈ, દિપકભાઈ તથા જયશ્રીબેન સુરેશકુમાર મીઠાણી (મુંબઈ)ના માતૃશ્રી તથા સ્વ. જયંતભાઈ શેઠ, સ્વ. અનંતભાઇ શેઠ, તથા સ્વ.હરેશભાઈ શેઠના બહેનનું તા. ૦૭/૦૨/૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૦૯/૦૨/૨૦૨૬ સોમવારે બપોરે ૩ થી ૫ "આકાશ હોલ", જમનાવાડ રોડ, ધોરાજી મુકામે રાખેલ છે. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**સાવરકુંડલા**

નિર્મલસિંહ નવલસિંહ રાણા તે કેસરીસિંહ નવલસિંહ રાણાના ભાઈ તથા રામદેવસિંહ નિર્મલસિંહ રાણાના પિતાશ્રીનું તા.૫/૨/૨૬ ને ગુરુવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૯/૨/૨૬ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને મણિભાઈ ચોક કન્યાશાળાની બાજુની ગલીમાં ડેલા નં–૧ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

અશ્વિનસિંહ જસુભાઈ રાણા તે તખુભાઈ જસુભાઈ રાણાના ભાઈ તથા જયરાજસિંહ અશ્વિનસિંહ રાણાના પિતાશ્રીનું તા.૫/૨/૨૬ ને ગુરુવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૯/૨/૨૬ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે અમારા નિવાસસ્થાને મણિભાઈ ચોક કન્યાશાળાની બાજુની ગલીમાં ડેલા નં–૧ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**બગસરા**

બગસરા નિવાસી દશા સોરઠીયા વણિક જ્યોત્સનાબેન પ્રભુદાસભાઈ સાંગાણી ઉંમર વર્ષ ૭૫ તે સ્વ પ્રભુદાસભાઈ નાનાલાલ સાંગાણીના ધર્મપત્ની તેમજ આશિષભાઈ તથા મેહુલભાઈ ના માતૃશ્રીનું તા. ૮ ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. બેસણું તા.૯ સોમવારના રોજ તેમના નિવાસ્થાને દરબાર ગઢ શેરી ખાતે બગસરા સાંજે ૪ થી ૬ રાખેલ છે.

**બગસરા**

સ્વ.અમૃતલાલ આણંદજીભાઈ પારેખની દીકરી સ્વ.નિર્મળાબેન અમૃતલાલ પારેખ ઉં.વ.૭૫નું તા. ૦૮/૦૨/૨૦૨૬ને રવિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું/બેસણું તા.૦૯/૦૨/૨૦૨૬ને સોમવાર ના રોજ સાંજે ૫:૦૦ થી ૬:૦૦ કલાકે તેમના નિવાસ સ્થાન પ્રવિણભાઇ અમૃતલાલ પારેખ "શિવ આશીસ" જૂની નગરપાલિકા પાસે થાણા રોડ શિવાજી ચોક બગસરા ખાતે રાખેલ છે.

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૫૧/૨૦૨૬

અરજદાર :- શ્રી કાંતિલાલ નનુભાઈ કથીરિયા
રહે.મોટા ગોખરવાળા, તા. જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું.મોટા ગોખરવાળા, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા ગોખરવાળા ગામમાં અરજદાર શ્રી કાંતિલાલ નનુભાઈ કથીરિયા તેઓના ભાણેજ પ્રમિતકુમાર વિઠ્ઠલરાય સરધારાની જન્મ (તા.૦૪/૦૪/૧૯૮૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૭૫/૨૦૨૬ તા.૦૬/૦૨/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. અશ્વીનભાઈ ધીરૂભાઈ ધાખડા
રહે.આંકોલડા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી આંકોલડા, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના બહેન મમતાબેન ધીરૂભાઈ ધાખડાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૦ ના રોજ મુ.આંકોલડા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા


શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વૉટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવૉલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

# લાઠીના લુવારીયા-આસોદર-ઈંગોરાળા માર્ગ પર નવો પુલ મંજૂર કરાવતા ધારાસભ્ય જનક તળાવીયા

લાઠી, તા.૦૮

લાઠી તાલુકાના લુવારીયા–આસોદર–ઈંગોરાળા માર્ગ પર રૂ. ૯૦ લાખના ખર્ચે નવો પુલ મંજૂર કરવામાં આવ્યો છે. આ પુલના નિર્માણથી જનતાની વર્ષો જૂની માંગ પૂર્ણ થવા જઈ રહી છે અને આસપાસના અનેક ગામોના લોકોને મોટા પ્રમાણમાં લાભ મળશે. આ માર્ગ પર વરસાદી ઋતુ દરમિયાન પાણી ભરાવાના કારણે વાહનવ્યવહાર વારંવાર અટકી જતો હતો. ખાસ કરીને વિદ્યાર્થીઓ, ખેડૂતો, દૂધ ઉત્પાદકો તથા રોજિંદા મુસાફરોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. નવા પુલના નિર્માણથી હવે બારમાસી વાહન વ્યવહાર સરળ બનશે અને લોકો સુરક્ષિત રીતે આવનજાવન કરી શકશે. આ અંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, ''ગ્રામ્ય વિસ્તારોના વિકાસ



માટે મજબૂત રસ્તા અને પુલો અત્યંત આવશ્યક છે. જનતાની જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આ પુલ માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી, જેને મંજૂરી મળતા આનંદની લાગણી થાય છે. આગામી સમયમાં પણ લાઠી તાલુકાના દરેક ગામ સુધી વિકાસ પહોંચાડવા માટે હું સતત પ્રયત્નશીલ રહીશ.'' આ પુલના નિર્માણથી લુવારીયા, આસોદર, ઈંગોરાળા સહિત આસપાસના અનેક ગામોના ખેડૂતોને પોતાની ખેતઉપજ બજાર સુધી પહોંચાડવામાં સરળતા રહેશે. સાથે જ આરોગ્ય સેવા, શૈક્ષણિક સુવિધા અને વેપાર-ધંધામાં પણ નોંધપાત્ર સુધારો થશે.

# સા.કુંડલા તાલુકામાં જળસંચય વધારવા રૂા.ર.૮૧ કરોડના વિકાસ કાર્યો મંજૂર કરાવતા મહેશ કસવાળા

**નદી ઉંડી ઉતારવા અને ચેકડેમ બનાવવા માટે નાણાની ફાળવણી**

અમરેલી,તા.૦૮

સાવરકુંડલા તાલુકામાં જળસંચય વધારવા માટે કુલ રૂા.૨.૮૧ કરોડના મહત્વપૂર્ણ વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી છે. આ કામો પૂર્ણ થયા બાદ તાલુકાના ડેમો, નદીઓ અને નાળાઓની પાણી સંગ્રહ ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે, જેનાથી ખેડૂતોને લાંબા ગાળે સીધો લાભ મળશે અને સિંચાઈ માટે સ્થિર પાણી ઉપલબ્ધ બનશે. મંજૂર થયેલ યોજનાઓ મુજબ ઘોબા ગામે રૂા.૫૬ લાખના ખર્ચે નદી ઊંડી ઉતારવાનું કામ હાથ ધરાશે. વીજપડી ગામની જામવાળી નદીમાં રૂા.૫૯ લાખના ખર્ચે



ચેકડેમ બનાવાશે, જ્યારે કડવાળી નદી પર રૂા.૫૬ લાખના ખર્ચે ચેકડેમનું નિર્માણ થશે. નાળ ગામે ચેકડેમ નંબર-૧ માટે રૂા.૧૮.૬૦ લાખ અને ચેકડેમ નંબર-૨ માટે રૂા.૧૪.૫૨ લાખ મંજૂર થયા છે. ઉપરાંત, વણોટ ગામે ઘાણો નદી ઉપર ચેકડેમ નંબર-૧ માટે રૂા.૩૯.૩૭ લાખ અને નંબર-૨ માટે રૂા.૩૫.૫૧ લાખના કામો હાથ ધરાશે.

આ વિકાસકાર્યો થકી વરસાદી પાણીનો સંગ્રહ વધશે, ભૂગર્ભ જળસ્તર સુધરશે.

# લાઠી શહેર ભાજપ પ્રમુખ ધર્મેશ સોનીનો આજે જન્મદિન

લાઠી, તા. ૦૮

લાઠી શહેરના યુવા અગ્રણી અને શ્રીમાળી સોની સમાજના પ્રમુખ ધર્મેશભાઈ સોનીનો આજે જન્મદિવસ છે. ૨૦૦૨થી ભાજપમાં સામાન્ય કાર્યકર્તા તરીકે સફર શરૂ કરનાર ધર્મેશભાઈ હાલ લાઠી શહેર ભાજપ પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. તેમણે કોરોના કાળમાં સેવા, જેલના કેદીઓના પુનઃવસન માટેના પ્રયાસો અને કેન્સરના દર્દીઓને ન્યુટ્રીશન કીટ વિતરણ જેવી અનેક



પ્રશંસનીય કામગીરી કરી છે. તેઓ લોકો માટે પ્રેરણારૂપ બન્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ મોબાઈલ નં. ૯૪૨૬૯ ૬૧૨૯૮ પર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# સ્વ. કાંતિભાઈ વ્યાસની પુણ્યતિથિ નિમિત્તે બહેરા-મૂંગા શાળાના બાળકોને મિષ્ટ ભોજન અને ગાયત્રી યજ્ઞનું આયોજન

અમરેલી, તા.૦૮

માણાવદરવાળા સ્વ. કાંતિભાઈ કાનજીભાઈ વ્યાસની પુણ્યતિથિ નિમિત્તે હાલ અમરેલી સ્થિત તેમના ધર્મપત્ની ગંગાસ્વરૂપ કાંતાબેન કે. વ્યાસ (અરવિંદભાઈ પી. જાનીદાદાના સાસુ) દ્વારા બહેરા-મૂંગા શાળાના બાળકોને મિષ્ટ ભોજન કરાવવામાં આવ્યું હતું. આ તકે ગાયત્રી યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય



છે કે, સ્વ. કાંતિભાઈ વ્યાસે નિવૃત્તિ બાદ માણાવદર અને આસપાસના ગામોમાં ૨૫૦૦ જેટલા ગાયત્રી યજ્ઞ નિઃશુલ્ક કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ સુંદર પ્રાર્થના કરી હતી અને શિસ્તબદ્ધ રીતે ભોજન ગ્રહણ કર્યું હતું. આ પ્રસંગે આ જ શાળામાં અભ્યાસ પૂર્ણ કરી હાલ પોસ્ટ ઓફિસ કે અન્ય કંપનીમાં નોકરી કરતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને પણ ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું. સંસ્થાની ઉત્તમ વ્યવસ્થા માટે સંસ્થાના પ્રમુખ, ટ્રસ્ટીગણ તેમજ રઘુભાઈ ભટ્ટ અને તેમના સ્ટાફની જહેમત મુખ્ય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઘણા ધાર્મિક લોકો જન્મદિવસ, પુણ્યતિથિ કે શ્રાદ્ધ નિમિત્તે અહીં બાળકોને ભોજન અને ભેટ આપીને આનંદ અનુભવે છે.

# સાવરકુંડલામાં વિદ્યાર્થિનીએ, રાજુલામાં યુવકે ગળાફાંસો ખાધો

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાં આપઘાતની વધુ બે ઘટના પોલીસ ચોપડે નોંધાઈ હતી. સાવરકુંડલામાં વિદ્યાર્થિનીએ તથા રાજુલામાં યુવકે ગળાફાંસો ખાધો હતો. આ અંગે સાવરકુંડલામાં રહેતા અશ્વીનભાઈ રવજીભાઈ કળથીયા (ઉ.વ.૪૬)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી દીવ્યાબેન કળથીયા (ઉ.વ.૨૨)ને શરદી તથા માથુ દુઃખતું હતું. જેથી ઘરના નીચેના રૂમમાં સુતી હતી. બપોરના પાંચેક વાગ્યાના સમયે ઉઠાડવા જતા છતના હુક સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવી હતી. રાજુલામાં રહેતા છગનભાઈ કાળાભાઈ કળસરીયા (ઉ.વ.૫૫) એ જાહેર કર્યા મુજબ, દિનેશભાઈ છગનભાઈ કળસરીયા (ઉ.વ.૨૫)એ આર્થિક સંકડામણના કારણે ગળાફાંસો ખાઈ જતા મરણ પામ્યા હતા.

# વાઘવડીના રત્ન કલાકારને વ્યાજખોરોએ પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી

ધારી, તા.૦૮

ધારીના વાઘવડી ગામમાં રહેતા એક રત્ન કલાકારને વ્યાજખોરોએ ત્રાસ આપ્યો હતો. તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. લાયસન્સ વગર ઊંચા દરે વ્યાજે નાણાં આપી પઠાણી ઉઘરાણી કરનારા શખ્સો વિરુદ્ધ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. પ્રદીપભાઈ મધુભાઈ ચાવડા (ઉ.વ.૨૮)એ નાગધ્રા ગામના શીવરાજભાઈ કાળીયા અને અનીરુદ્ધભાઈ કાળીયા તથા ચલાલાના શેલ ખંભાળીયા ગામના કુલદીપભાઈ મહીપતભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમને નાણાંની જરૂર પડતા તેમણે આરોપીઓ પાસેથી રકમ વ્યાજે લીધી હતી. જોકે, આરોપીઓ પાસે વ્યાજ વટાવનો ધંધો કરવા માટેનું કોઈ માન્ય લાયસન્સ ન હોવા છતાં તેમણે અત્યંત ઊંચા વ્યાજ દરે નાણાં ધીર્યા હતા. ફરિયાદીના જણાવ્યા અનુસાર, વ્યાજની રકમ વસૂલવા માટે આરોપીઓ અવાર-નવાર ફોન કરીને તેમજ રૂબરૂ આવીને માનસિક ત્રાસ આપતા હતા. નાણાંની વસૂલાત માટે પઠાણી ઉઘરાણી કરી આરોપીઓએ રત્ન કલાકારને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

**રાજ્ય શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજા અને રાજ્યમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે**

# અમરેલીના થોરડી ગામે નવનિર્મિત કોમ્યુનિટી હોલનું લોકાર્પણ

**આ તકે અમરેલી તાલુકાના પદાધિકારીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા**

અમરેલી,તા.૦૮

અમરેલી તાલુકાના થોરડી મુકામે શિક્ષણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડૉ.પ્રદ્યુમનભાઈ વાજા તથા ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્યમંત્રી અને અમરેલી વડીયા-કુંકાવાવના ધારાસભ્ય,



કૌશિકભાઈ વેકરીયાના હસ્તે નવનિર્મિત કોમ્યુનિટી હોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ, ગ્રામજનો તથા આગેવાનો દ્વારા મંત્રીઓનું ભાવભર્યું સ્વાગત અને સત્કાર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ આશરે રૂ. ૧૦ લાખના ખર્ચે નિર્મિત કોમ્યુનિટી હોલનું લોકાર્પણ કર્યું હતું. આ કોમ્યુનિટી હોલના નિર્માણથી ગામના સામાજિક, સાંસ્કૃતિક તથા વિકાસલક્ષી કાર્યક્રમોને નવી દિશા મળશે તેમ ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું. તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા દ્વારા મંત્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મંત્રી ડૉ.વાજા અને કૌશિકભાઈ વેકરીયાએ ગામના સ્થાનિક આસ્થાના કેન્દ્ર સમાન શિવ મંદિરમાં દર્શન કરી અને આશિર્વાદ મેળવ્યા હતા. આ પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લાના પંચાયતના સભ્ય, મુકેશભાઈ બગડા, શંભુભાઈ મહિડા, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યો, ગામના સરપંચો તેમજ સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ આઠમ
તા.૦૯-૦૨-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૭:૨૬,
સૂર્યાસ્ત-૦૬:૦૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ વિશાખા

## દૈનિક રાશિફળ

**તા.૦૯-૦૨-૨૦૨૬ — સોમવાર**

- મેષઃ આજે તમે પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કરી શકો છો. જેથી તમે પૈસા મેળવી શકો.
- વૃષભઃ આજે ધંધામાં નસીબ સાથ આપશે અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે તેમજ લાભ પણ મળશે.
- મિથુનઃ આજે તમારી શક્તિ વધશે. તેમજ ધંધા અથવા કાર્યક્ષેત્રમાં કોઈ વિશેષ વ્યવસ્થા કે પરિવર્તન કરવાનો આજનો દિવસ રહેશે.
- કર્કઃ આજે તમે ધંધા કે કામ સંબંધિત પ્રવાસ કરી શકો છો. ઉપરાંત બધા કાર્ય તમારા દ્વારા પૂરા થશે.
- સિંહઃ આજે તમને રાજ્ય તરફથી સન્માન અને સાંસારિક પ્રતિષ્ઠા મળશે. વેપારના ક્ષેત્રમાં નવા ભાગીદારો મળશે અને લાભ પ્રાપ્ત કરશો.
- કન્યાઃ આજે તમને કાર્યક્ષેત્ર અને ધંધામાં ભાગ્યનો સાથ મળી શકે છે. આજે વ્યાવસાયિક સ્થળાંતર તમારા માટે શુભ સાબિત થશે.
- તુલાઃ આજનો દિવસ તમારા ધંધા અને કાર્યમાં ભાગદોડ તેમજ વિશેષ ચિંતામાં વિતાવશો. તમારે સંભાળ લેવી પડશે.
- વૃશ્ચિકઃ આજે વેપાર અને કાર્યક્ષેત્રના સંબંધમાં તમે જે પણ નવા પ્રયત્નો કરો છો તેમાં તમને વિજય મળશે.
- ધનઃ આ દિવસે તમે ઘરની કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો, જેમાં કેટલાક પૈસા પણ ખર્ચ થઈ શકે છે.
- મકરઃ આજે તમને વ્યવસાય અને ક્ષેત્રમાં લાભથી સંતોષ મળશે. તેમજ આજે આનંદનો દિવસ રહેશે.
- કુંભઃ આજે તમારા મિત્રો અથવા સગા-સંબંધીઓ ઘણાં દિવસો સુધી રોકાવા તમારા ઘરે આવી શકે છે.
- મીનઃ ધંધા અને કાર્યક્ષેત્રમાં અચાનક પૈસા મળવાના સંકેત છે. જે તમને આર્થિક શક્તિ આપશે.

# પુંજાપાદર ખાતે સરદાર પટેલ અને શહીદ મેજર ઋષિકેશ રામાણીની પ્રતિમાનું અનાવરણ

લીલીયા, તા.૦૮

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના પુંજાપાદર ગામે આજે દેશભક્તિનો ભવ્ય માહોલ જોવા મળ્યો હતો. સમગ્ર પુંજાપાદર ગામ પરિવાર દ્વારા આયોજિત કાર્યક્રમમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં બે મહત્વની પ્રતિમાઓનું અનાવરણ કરવામાં આવ્યું હતું. વલ્લભભાઈ રામાણીના



હસ્તે શહીદવીર મેજર ઋષિકેશ રામાણીની પ્રતિમા ખુલ્લી મુકાઈ હતી, જ્યાં NCC ભાવનગરના કેડેટ્સ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. ત્યારબાદ, નવનિર્મિત 'વીરાંજલી શૌર્ય પાર્ક' ખાતે હિંમતભાઈ રામાણીના હસ્તે લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરાયું હતું. આ પ્રસંગે વિઠ્ઠલભાઈ, વિનુભાઈ અને ગોવર્ધનભાઈ રામાણી સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં પુંજાપાદર અને આસપાસના ગામોના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા અને શહીદો તેમજ રાષ્ટ્રના નાયકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

# વરસડા ગામેથી પોલીસે કતલખાને લઈ જવાતી ભેંસોને બચાવી ૭.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અમરેલી, તા.૦૮

અમરેલીના વરસડા ગામે પેટ્રોલપંપ પાસેથી પોલીસે કતલખાને લઈ જવાતી ભેંસોને બચાવી રૂ. ૭.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અકિલભાઈ હનીફભાઈ કુરેશી ટ્રકમાં ૯ ભેંસ ભરી કોઈપણ પ્રકારના ઘાસચારા અને પાણીની સગવડતા વગર, ખીચોખીચ રીતે બાંધી, ગોંધી રાખી કોઈ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર તથા કોઈ કાગળો - પાસ પરમીટ વગર ભરીને કતલખાને લઈ જતા ઝડપાયા હતા. પોલીસે ભેંસો જીવ નંગ ૯ કુલ કિં.રૂ.૩,૧૫,૦૦૦ તેમજ ટ્રકની કિં.રૂ.૪,૦૦,૦૦૦ ગણીકુલ કિ.રૂ.૭,૧૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાં ટેકાના ભાવે ખરીદાયેલી મગફળીની ૬૨ ગુણીની ચોરી

સાવરકુંડલા, તા. ૦૮

સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાં સરકારી યોજના હેઠળ ખરીદાયેલ મગફળીના જથ્થામાં ચોરી થયાની ઘટના સામે આવી હતી. યાર્ડમાં જ મજૂરીકામ કરતા એક શખ્સે લાખોની કિંમતની મગફળીની ગુણીઓ ચોરી કરી ગુનાને અંજામ આપ્યો હતો. આ અંગે રાજેશભાઈ મનસુખભાઈ માલાણી (ઉ.વ.૫૦)એ અલ્ફાઝભાઈ આરીફભાઈ કુરેશી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, સરકારની PSS યોજના હેઠળ ખરીફ ૨૦૨૫ માટે ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવામાં આવી હતી. આ મગફળીનો જથ્થો યાર્ડના પરિસરમાં સુરક્ષિત રાખવામાં આવ્યો હતો, જ્યાંથી આરોપીએ બારદાન સહિત કુલ ૬૨ ગુણી મગફળીની ચોરી કરી હતી. ચોરી થયેલા જથ્થાની કુલ કિંમત રૂ. ૧,૭૦,૪૫૩ જાહેર થઈ હતી. આ ગુનામાં સંડોવાયેલ આરોપી તે જ માર્કેટિંગ યાર્ડમાં મજૂર તરીકે કામ કરતો હોવાનું પણ પોલીસમાં જાહેર થયું હતું.

**રાજુલા સિંધી સમાજ દ્વારા નવનિર્મિત સમાજની વાડી અને**

# ઝુલેલાલ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે આજથી ત્રિવસીય ધાર્મિક કાર્યક્રમ

રાજુલા,તા.૦૮

રાજુલા શહેરમાં સિંધી સમાજ દ્વારા નવનિર્મિત સમાજની વાડી અને ઝુલેલાલ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે તા. ૯ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ત્રિ-દિવસીય ધાર્મિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર શહેરમાં દિવાળી જેવો આનંદમય માહોલ જોવા મળી રહ્યો છે અને પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે સમાજના લોકો પોતાના ધંધા-રોજગાર બંધ રાખશે. પ્રથમ દિવસે



યજ્ઞ પ્રારંભ, અરણી મંથન, જલયાત્રા, કુટીર હોમ અને સાંજે આરતી બાદ સુંદરકાંડ પાઠનું આયોજન છે. બીજા દિવસે મૂર્તિ નગર ભ્રમણ માટે વિધ્યાબેન લાલવાણીના નિવાસસ્થાનથી નીકળશે તેમજ વિધિવત પ્રાણ પ્રતિષ્ઠા વિધિઓ યોજાશે. ઝુલેલાલ મંડળ ભાવનગર દ્વારા ભહેરાણા સાહેબ અને મહાપ્રસાદનું આયોજન રહેશે. ત્રીજા દિવસે પ્રાણ પ્રતિષ્ઠા વિધિ સાથે સવારે ૯થી ૫ વાગ્યા સુધી મહા રક્તદાન કેમ્પ યોજાશે. કાર્યક્રમ ભેરાઈ રોડ સ્થિત વૃંદાવન સોસાયટી ખાતે યોજાશે. આચાર્ય તરીકે શાસ્ત્રી બલવંતભાઈ ઉપાધ્યાય બિરાજમાન રહેશે.

## તંત્રી લેખ

# નાણાકીય છેતરપિંડી સામે આરબીઆઈનું સુરક્ષા કવચ

ડિજિટલ બેન્કિંગ ભારતની નાણાકીય વ્યવસ્થાનો બેઈઝ બની ચૂક્યો છે. યુપીઆઈ, મોબાઈલ બેન્કિંગ, ઈન્ટરનેટ ટ્રાન્ઝેક્શન અને કાર્ડ પેમેન્ટ્સે સામાન્ય નાગરિકનું જીવન સરળ બનાવ્યું છે, પરંતુ આ સુવિધાઓ સાથે એક ગંભીર પડકાર પણ ઊભો થયો છે અને તે જ છે ડિજિટલ ફ્રોડ.

આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાનું નિવેદન માત્ર નીતિગત સુધારાનો સંકેત નથી, પરંતુ ગ્રાહક કેન્દ્રિત નાણાકીય વ્યવસ્થાની દિશામાં સ્પષ્ટ સંદેશ આપે છે. ખાસ કરીને ત્યારે, જ્યારે ડિજિટલ ફ્રોડના લગભગ ૬૫ ટકા કેસમાં છેતરપિંડીની રકમ રૂ. ૫૫ હજારથી ઓછી હોય છે. આવી સ્થિતિમાં રૂ. ૨૫ હજારની મર્યાદા તરત મળતી પ્રાથમિક રાહત તરીકે લાખો ગ્રાહકો માટે આશ્વાસન બની શકે છે.

હાલ સુધી ડિજિટલ ફ્રોડમાં વળતર આપવાની વ્યવસ્થા મુખ્યત્વે ૨૦૧૭ના આરબીઆઈ દિશાનિર્દેશ પર આધારિત હતી. તે મુજબ, જો ગ્રાહક સમયસર ફરિયાદ કરે અને તેમાં તેની બેદરકારી સાબિત ન થાય, તો બેન્કો કેટલીક હદ સુધી નુકસાન પરત આપતી હતી. પરંતુ આ પ્રક્રિયા ઘણી વખત અસ્પષ્ટ, લાંબી અને બેન્કની વિવેકશક્તિ પર આધારિત રહેતી હતી. પરિણામે, ઘણા ગ્રાહકોને ન્યાય મળતો ન હતો અથવા લાંબી કાનૂની પ્રક્રિયામાં ફસાવું પડતું હતું.

રૂ. ૨૫ હજાર સુધીના નિશ્ચિત વળતરનું માળખું આ અનિશ્ચિતતાને ઘટાડે છે. તે એક પ્રકારની સ્ટાન્ડર્ડ સુરક્ષા ઊભી કરે છે, જેમાં ગ્રાહકને ખબર હોય છે કે નાની રકમની છેતરપિંડીમાં તે સંપૂર્ણપણે એકલો નથી. સાથે સાથે, આ પગલું બેન્કો અને નાણાકીય સંસ્થાઓને તેમની સાયબર સુરક્ષા વધુ મજબૂત બનાવવા માટે પણ દબાણ કરે છે. કારણ કે જો વળતર આપવાની જવાબદારી નિશ્ચિત થાય, તો જોખમ ઘટાડવું બેન્કોના હિતમાં રહેશે.

મિસ-સેલિંગના કેસોમાં ગ્રાહકને પૂરતી માહિતી આપ્યા વગર પ્રોડક્ટ વેચવામાં આવે છે, જેના કારણે તે નુકસાન ભોગવે છે. લોન રિકવરી એજન્ટો દ્વારા થતી અતિશય દબાણની ફરિયાદો પણ સામાન્ય છે. અને સૌથી વધુ ચર્ચાસ્પદ મુદ્દો છે અનઅધિકૃત ટ્રાન્ઝેક્શન, જેમાં ગ્રાહક પોતાની ભૂલ ન હોવા છતાં નાણાં ગુમાવે છે. આ ત્રણેય ક્ષેત્રમાં સ્પષ્ટ નિયમો અને જવાબદારી નક્કી કરવાથી નાણાકીય વ્યવસ્થામાં વિશ્વાસ મજબૂત થશે.

જનતા પાસેથી સૂચનો લેવાનો આરબીઆઈનો અભિગમ પણ નોંધપાત્ર છે. નીતિઓ કાગળ પર નહીં, પરંતુ જમીન પર કેવી રીતે અસર કરે છે, તે સમજવા માટે આ પ્રક્રિયા આવશ્યક છે. ખાસ કરીને ડિજિટલ ભારતના યુગમાં, જ્યાં નવા વપરાશકર્તાઓ ઝડપથી નાણાકીય સિસ્ટમમાં જોડાઈ રહ્યા છે, તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવી રાષ્ટ્રીય પ્રાથમિકતા બની ગઈ છે.

અંતે, રૂ. ૨૫ હજાર સુધીના વળતરનો નિર્ણય માત્ર નાણાકીય રાહત નથી, પરંતુ માનસિક આશ્વાસન પણ છે. તે કહે છે કે ડિજિટલ યુગમાં પણ ગ્રાહક સુરક્ષા કેન્દ્રમાં છે. જો આ નીતિ યોગ્ય રીતે અમલમાં આવે અને સાથે સાથે જાગૃતિ તથા જવાબદારીનો સંદેશ મજબૂત બને, તો ડિજિટલ ફ્રોડ સામેની લડાઈમાં આ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થઈ શકે છે.

# પુષ્પ :: ૧૩



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ત્રીજા સરસંઘચાલક બાળા સાહેબ દેવરસે ઈ.સ. ૧૯૮૭માં વિજયાદશમીના ઉત્સવ દરમિયાન કાર્યકર્તાઓને સંબોધિત કરતા સંઘનું જીવનલક્ષ્ય જણાવ્યું હતું. તેમણે બૌધ્ધિકમાં કહ્યું કે, "આજના સમાજમાં સામાન્ય માણસ અનેક પ્રકારની સમસ્યાઓ જેમ કે અસુરક્ષાની લાગણી, મોંઘવારી વગેરેથી પરેશાન છે. આ પ્રતિકૂળ પરિસ્થિતિનો સૌથી વધુ પ્રભાવ પડી રહ્યો છે. આ અંગે સામાન્ય લોકોમાં રોષ છે. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાની જવાબદારી સામાન્ય માણસની છે. પોતાની સમસ્યાઓ ઉકેલવા માટે તેણે પોતે પહેલ કરવી પડશે અને પગલાં લેવા પડશે. આ જવાબદારી પણ મુખ્યત્વે હિન્દુઓની છે. આ પરિસ્થિતિનો ઉકેલ શું છે ? આખરે આ પરિસ્થિતિ બદલવા માટે કોઈ જવાબદાર હોય તો તે ફક્ત હિન્દુઓ છે. આખરે સત્તામાં બેઠેલા લોકોને સાચા માર્ગ પર લાવવાની ચાવી હિન્દુ રાષ્ટ્રના જાગૃત સંગઠિત અને સ્વાભિમાની ભક્તો પાસે છે. હિન્દુ સમાજ આ રાષ્ટ્રની કરોડરજ્જુ છે. તેને સારા ચારિત્ર્યવાળો, શિસ્તબધ્ધ, દેશભક્ત અને સંગઠિત બનાવવો જરૂરી છે. અમે દેશમાં ભ્રષ્ટાચાર થવા દઈશું નહીં અને ભ્રષ્ટાચાર સહન પણ કરીશું નહીં. લાંચ લઈશું કે આપીશું નહીં. અન્ય રાષ્ટ્ર વિરોધી લાગણીઓને સંપૂર્ણપણે નાબૂદ કરવી પડશે. હિન્દુ સમાજ અને સામાન્ય જનતામાં જરૂરી જાગૃતિ લાવવી પડશે. સંઘ છેલ્લા ૬૦ - ૬૨ વર્ષથી આ કાર્ય કરી રહ્યો છે. તેને તેના પ્રયત્નોમાં સફળતા પણ મળી રહી છે. પરંતુ દેશની હાલની ભયાનક અને જટિલ પરિસ્થિતિની તુલનામાં તે પૂરતું નથી. સંઘ હિન્દુ સમાજ અને રાષ્ટ્રમાં સામૂહિક પ્રયાસોને જાગૃત કરવા માટે સતત કાર્યરત છે. હિંદુત્વનો ગર્વ જાગી રહ્યો છે. હિન્દુઓમાં ચેતના ઉત્પન્ન થઈ રહી છે. આ કાર્યને ૧૦૦ ગણું વધારવા માટે ગતિ વધારવાની જરૂર છે. સંઘનું આ કાર્ય દેશની બધી સમસ્યાઓનો એક માત્ર અસરકારક ઉકેલ છે. મને પૂર્ણ વિશ્વાસ અને આશા છે કે, અહીં હાજર લોકો માત્ર સહાનુભૂતિશીલ રહેશે નહીં. પરંતુ સંઘના કાર્યને આગળ વધારવામાં સક્રિયપણે યોગદાન આપશે."

ઈ.સ. ૧૦૮૯નું વર્ષ સંઘના સ્થાપક ડૉ. હેડગેવારજીનું જન્મશતાબ્દી વર્ષ હતું. આ વર્ષે સંઘના કાર્યમાં સેવાનો આયામ ઉમેરવામાં આવ્યો. બાળાસાહેબ દેવરસે ઈ.સ. ૧૯૮૯ના વિજયાદશમીના ભાષણમાં વિવિધ વિષયો પર ટિપ્પણી કરી હતી. ડૉ. હેડગેવારજીના જન્મશતાબ્દી વર્ષ અંગે માર્ગદર્શન આપતા તેમણે તે સમયની સામાજિક અને રાજકીય વાસ્તવિકતા રજૂ કરી. તેમણે પંજાબમાં ચાલી રહેલા આતંકવાદ, નોકરશાહી અને શક્તિહિન સરકાર તરફ સૌનું ધ્યાન દોર્યું. તેમણે ખ્રિસ્તીઓ અને મુસ્લિમોના તુષ્ટીકરણ, કલમ ૩૭૦ વગેરે જેવા મુદ્દાઓ પર સ્પષ્ટ અને મક્કમ વલણ અપનાવતા કહ્યું કે, "આજ કાલ આપણે હિન્દુ રાષ્ટ્ર શબ્દનો ઉપયોગ કરીએ છીએ. આપણે ઘણા સમયથી તેનો ઉપયોગ કરી રહ્યા છીએ. ડૉ. હેડગેવારજી હિન્દુ રાષ્ટ્ર શબ્દનો ઉપયોગ કરનારા પહેલા વ્યક્તિ નહોતા. હિન્દુ રાષ્ટ્ર શબ્દનો ઉપયોગ સ્વામી વિવેકાનંદના ભાષણમાં અને મહર્ષિ અરવિંદના ભાષણમાં પણ છે. ભગિની નિવેદિતા અને એની બેસન્ટ જેવા લોકોએ પણ તેને હિન્દુ રાષ્ટ્ર કહ્યુ છે. શું તેઓ સાંપ્રદાયિક હતા ? શું તેઓ અજ્ઞાની હતા ? આજના કેટલાક લોકો હિન્દુ રાષ્ટ્ર પર તૂટી પડે છે. પરંતુ મારે એ કહેવું છે કે હિન્દુ રાષ્ટ્ર એ લોકોને એક કરવાનો વિષય છે. જ્યારે અમે હેડગેવાર જન્મશતાબ્દી વર્ષ દરમિયાન અને તે પહેલા એકતા રથયાત્રા કરી હતી, ત્યારે આપણા કાર્યકર્તા મેઘાલય, અરુણાચલ, નાગાલેન્ડ - આ બધા રાજ્યોમાં ગયા હતા. તેમણે ત્યાં ઘણા લોકો સાથે વાત કરી. "ભાઈ! તમારી પાસે કોઈ જૂની પરંપરા છે કે નહીં? પૂજાની કોઈ પધ્ધતિ છે કે નહીં? કોઈ દર્શન છે કે નહીં ?" તેઓ કહેવા લાગ્યા કે, "અમારી પાસે એક જૂની પરંપરા છે, દર્શન છે, એક પૂજા પધ્ધતિ છે." તેમના બે નેતાઓ એક એન્ડરસન મૌરી અને એક હિબ્સન રોયની, બંને ભૂતપૂર્વ આઈ.એ.એસ. અધિકારીઓ છે. તે અમારી સાથે આવ્યા. અમે તેમને અવલોકન કરવા કહ્યું. અવલોકન કર્યા પછી તે એવા નિષ્કર્ષ પર આવ્યા કે, આપણે હિન્દુઓ જેવા જ છીએ એટલા માટે મેઘાલયમાં બધી બાબતોમાં આપણને સમાન અનુભવ થાય છે. અરુણાચલમાં કાયદા દ્વારા ધર્મ પરિવર્તન પર પ્રતિબંધ છે. નાગાલેન્ડમાં રાણી ગાઈડિલો પોતે પોતાના એક લાખ અનુયાયીઓ સાથે પોતાને સ્પષ્ટ રીતે હિન્દુ કહે છે. અમે અન્ય નાગાલેન્ડના લોકોને પણ મળીએ છીએ. આપણા કાર્યકર્તાને નાગાલેન્ડ મોકલ્યા છે અને ત્યાં છાત્રાલયો ચલાવ્યા છે. ત્યાંની શાળાઓમાં શિક્ષણ આપ્યું છે. તેમના દ્વારા અન્ય નાગાલેન્ડના લોકોને પણ મળીએ છીએ. તેમની સાથે વાત કરીએ છીએ કે, તમે નાગાલેન્ડના રહેવાસી છો. તમારી પાસે જૂની સંસ્કૃતિ છે કે નહીં ? શું તમારી પાસે પરંપરાગત પૂજા પધ્ધતિ છે કે નહીં? તેનો અભ્યાસ કરો. આટલું કહેતા તેઓ અભ્યાસ કરે છે. પછી તેમના ધ્યાનમાં આવે છે કે, આપણી હિન્દુઓ સાથે ઘણી સમાનતાઓ છે. આ આપણો અનુભવ છે. જો બધા રાજકીય નેતાઓ, બ્યુરાક્રેસી, રાજકીય પક્ષો એટલા ભારપૂર્વક બોલે કે, આ આખો દેશ હિંદુઓનો છે અને આ બધા હિન્દુઓના અંતર્ગત આવે છે. તો હિન્દુ રાષ્ટ્રની ભાષા તોડવાવાળી નહીં પરંતુ હિન્દુ રાષ્ટ્રની ભાષા એકતા લાવનારી ભાષા હશે. હિન્દુ રાષ્ટ્રની ભાષા એક જોવાલાયક ઉદાહરણ છે. મારું માનવું છે કે હિન્દુ હિત અને રાષ્ટ્રીય હિત એક જ બાબત છે. હું ચોક્કસ આગ્રહ રાખીશ કે, જેને હું હિન્દુ હિતોનો રક્ષક માનું છું તે જ રાષ્ટ્રીય હિતોનો રક્ષક છે. જો ફક્ત યોગ્ય લોકોને ચૂંટવાથી રાજકારણમાં પરિવર્તન આવે છે તો તે પરિવર્તનને કારણે જ આ દેશનું ભવિષ્ય બની શકે છે. તો એ રીતે આ દેશનું ભવિષ્ય ઘડવાનું આપણા હાથમાં છે. મારું માનવું છે કે, ચૂંટણીઓનું ખૂબ મહત્વ છે. આજે વિજયાદશમીનો દિવસ છે. આજે ન્યાયનો અન્યાય પર વિજય થાય છે. આપણે એ પણ વિચારવું જોઈએ કે એક સામાન્ય માનવી તરીકે આપણી કેટલીક ફરજો છે. બધું સમજ્યા છતાં, જો તમે સારી વસ્તુને ટેકો ન આપો તો તમારા જીવનમાં પણ તે નહીં આવે" આપણા નેતાઓ દ્વારા કલ્યાણકારી રાજ્ય કહીને હિંદુઓ સાથે અન્યાય કરવાને કારણે અને હિન્દુ રાષ્ટ્રવાદની ખોટી રજૂઆત કરતા દેશમાં પ્રવર્તતા અસંતોષ, આર્થિક સંકટ અને ફુગાવાને ધ્યાનમાં રાખીને ઉપર મુજબ બાળાસાહેબ દેવરસે ભારતીયતાની ભૂમિકા રજૂ કરી. બાળાસાહેબે તેમના બૌધ્ધિકમાં હિન્દુ ધર્મમાં રહેલી સમરસતાની ભાવના વિશે પણ છણાવટ કરી હતી.

## વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

# માત્ર સગવડ નહી પણ સંસ્કાર અને સહકાર એ જ ખરી ખાનદાની

દોલતથી નહીં, દૃષ્ટિથી ઓળખાય છે ખાનદાની, પદ અને પૈસાથી નહીં પણ પરોપકારથી પરખાય છે ખાનદાની. સ્વાર્થ અને સત્તામાં નહીં પણ સેવામાં ઓળખાય છે સાચી ખાનદાની.

સમાજમાં ઘણી વાર "ખાનદાની" શબ્દ બોલતાં જ મોટા બંગલા, ઊંચા હોદ્દા, જૂની મિલકત કે જાણીતા સરનામા આંખ સામે આવી જાય છે. પરંતુ સાચી ખાનદાની એ ઈંટ-પથ્થરથી ઊભી થયેલી ઈમારત નથી, એ તો માણસના વર્તન, વિચારો અને સંસ્કારોથી ઊભી થતી એક અદૃશ્ય ઓળખ છે.

સાચી ખાનદાનીનો મૂળ અર્થ છે: માનવતા. જે ઘરમાં બાળકને પહેલો પાઠ "નમ્રતા"નો મળે, જ્યાં વડીલો શીખવે કે "પૈસા કરતાં માણસ મોટો," જ્યાં સ્ત્રીનું સન્માન, નબળાનું રક્ષણ, અતિથીનો આદર આવકાર અને સત્યનું પાલન જીવનનો નિયમ બને,એ ઘર ખરેખર ખાનદાન ખોરડું કહેવાય. સગવડ ઓછી હોય છતાં વાણીમાં, વર્તનમાં અને વહેવારમાં સંસ્કાર છલકાય એ જ સાચી ખાનદાની ગણાય. બાકી ઘણું બધું હોવા છતાં ઉદ્ધતાઈ અને અહંકાર હોય ત્યાં કોઈ બે ઘડી ઉભા રહેવા પણ રાજી નથી હોતા.

રોજ-બરોજના જીવનમાં આપણી આસપાસ આવી ખાનદાનીના દ્રશ્યો નજર સામે આવતા હોય છે. એક દિવસ બસ સ્ટેન્ડ પર એક વૃદ્ધ મહિલા ભારે થેલી સાથે ઉભી હતી. આસપાસ મોંઘી કારમાંથી ઉતરતા, મોંઘા કપડાં પહેરેલા ઘણા લોકો પસાર થયા, પણ કોઈ રોકાયું નહીં. ત્યાં એક સામાન્ય દેખાવનો યુવાન આવ્યો, થેલી ઉઠાવી, યોગ્ય બસમાં બેસાડ્યા અને શાંતિથી પોતાની બસ પકડી. કોઈ કેમેરો નહોતો, કોઈ પ્રશંસા નહીં, પરંતુ એ યુવાનની આ હરકત જ તેની ખાનદાનીનો પરિચય હતી.



મનન ચિંતન
ભરત બાવીશી

બીજુ એક દ્રશ્ય જોઈએ તો શહેરના એક મોટા બિઝનેસમેનના પરિવારમાં ત્રણ ચાર દિવસનો લગ્નપ્રસંગ હતો. તેમાં નાના મોટા અનેક લોકોની દરરોજ બહોળી સંખ્યામાં હાજરી હતી. તમામ વ્યવસ્થા શાનદાર હતી. પરંતુ ખાસ વાત એ હતી કે યજમાન ઘરના તમામ સભ્યો પોતે દરેક મહેમાનોને આદર આવકાર આપીને સાથે ફોટો પડાવીને ચા-પાણી અને ભોજનનો આગ્રહ કરતા હતા, વ્યવસ્થામાં રોકાયેલ લોકો સાથે નામ લઈને વાત કરતા હતા અને કોઈ ભૂલ થાય તો ગુસ્સે થવાને બદલે સ્મિતથી સમજાવતા હતા. એ ક્ષણે સમજાયું કે સંપત્તિ હોવી અલગ વાત છે, પરંતુ સંપત્તિ સાથે સંસ્કાર હોવા એ સાચી ખાનદાની છે.

સાચી ખાનદાની એ પણ છે કે મતભેદ હોય છતાં મનભેદ ન થવા દેવા. ચર્ચામાં અવાજ ઊંચો ન થાય, શબ્દો ઘાયલ ન કરે અને "હું સાચો" સાબિત કરવા માટે બીજાને ઉતારી ના પાડે. જે વ્યક્તિ અસહમત હોય છતાં એનું પણ સન્માન જાળવે એ પણ ખાનદાનીનું ઉત્તમ ઉદાહરણ છે.

આજના સમયમાં સોશિયલ મીડિયામાં દેખાવ વધ્યો છે, પરંતુ સ્વભાવ ઓછો દેખાય છે. લાઈક અને ફોલોઅર્સ વધ્યા છે, પરંતુ સહાનુભૂતિ ઘટી છે. આવા સમયમાં સાચી ખાનદાની એ સેવારૂપી દીવો છે, જે અંધકારમાં પણ માર્ગ બતાવે. અટવાયેલાનો આધાર બની શકે એ જ ખાનદાની અને ખુમારી છે.

સમાજ આજે દેખાવથી પ્રભાવિત થાય છે, પણ મૂલ્યોને માપવાનો સમય કાઢતો નથી. અહીં ઓળખ ઝડપથી મળે છે, પણ જવાબદારી સ્વીકારવાની તૈયારી ઓછી દેખાય છે. ખાનદાની શબ્દ બોલતાં જ ઘણા લોકો મિલકત, પેઢી અને પ્રતિષ્ઠા યાદ કરે છે, પરંતુ સાચી ખાનદાની વર્તનમાં દેખાય છે, વારસામાં નહીં. સાચી ખાનદાની એ નથી કે માણસ કેટલી ઊંચી જગ્યાએ પહોંચ્યો, પરંતુ એ છે કે ત્યાં પહોંચ્યા પછી કેટલા લોકોને સાથે લઈને ગયો. જે પોતાની સફળતાને સમાજ માટે ઉપયોગી બનાવે, અને પોતાની શક્તિને સેવા સાથે જોડે એ જ સાચો સંસ્કારવાન ગણાય. સત્તા અને સંપત્તિ જો સંયમથી સંચાલિત ન થાય, તો એ સમાજ માટે ભાર બની જાય છે. જ્યાં નિર્ણયમાં ન્યાય હોય અને વ્યવહારમાં માનવીયતા, ત્યાં સંઘર્ષ ઓછા અને વિશ્વાસ વધુ જન્મે છે. સમાજને ટકાવી રાખવા માટે કાયદા કરતાં પણ વધુ લોકોની સમજણની જરૂર છે. ખાનદાનીનું મૂલ્યાંકન તાળીઓમાં નહીં, પરંતુ ટીકા સામેની શાંતિમાં થાય છે. કારણ જે વ્યક્તિ અસહમત અવાજને પણ સ્થાન આપે, એ જ લોકશાહીની સાચી તાકાત બને છે. ઉંચો અવાજ ક્ષણિક અસર કરે છે, પણ નમ્ર વાણી દીર્ઘકાળ સુધી માન પામે છે. આજે સમાજને વધુ ચમકદાર ચહેરાની નહીં, પરંતુ સ્થિર વિચાર, સંયમિત ભાષા અને જવાબદાર વર્તન ધરાવતા માનવોની જરૂર છે. કારણ કે સમય જતા બધું બદલાશે, પણ ખાનદાની સંસ્કાર જ ઓળખ બચાવશે.

ખાનદાની વારસામાં મળે છે એવું માનવામાં આવે છે, પરંતુ હકીકતમાં તે વર્તનમાં કમાવાની વસ્તુ છે. રોજિંદી નાની નાની બાબતોમાં બોલવાની ભાષા, વર્તનની નમ્રતા, સંબંધોની સંભાળ અને સમાજ પ્રત્યેની જવાબદારીમાં સાચી ખાનદાની ઝળહળી ઊઠે છે. અંતે એટલું જ કહેવાનું કે, જે માણસ પાસે બધું હોવા છતાં ઝૂકી શકે, અને કશું ન હોવા છતાં ઉભો રહી શકે એ જ સાચો ખાનદાની સ્વભાવ કહેવાય.

**ખાનદાની એ તખ્ત નથી જેના પર બેસી શકાય, એ તો જવાબદારી છે જે વહન કરવી પડે. જે માણસ પાસે બધું હોવા છતાં ઝુકવાની તાકાત છે, એવા ખાનદાન વ્યક્તિ સમાજ માટે સાચો આશીર્વાદ છે. પદ મળે તો વિનમ્રતા વધુ ખીલવી જોઈએ, સત્તા પચાવી શકે, એ જ ખરેખરી ખાનદાની છે.**

# ખેત પેદાશની વિદેશમાં નિકાસ, ડંકો વગાડે ઈ-ખેડૂત





આજે ભલે ગામડાઓને થોડી ઘણી ઝાંખપ લાગી હોય પણ ફરી સોનાનો સુરજ ગ્રામીણ વિકાસ અને કૃષિ સાથે ચોક્કસ ઉગશે જ. હા થોડીક વાર લાગશે. ભારત છોડીને વિદેશ કમાવવા જતા ડોક્ટરો, એન્જિનિયર વિગેરે ત્યાં જઈને શું કરે છે એવું એમને પૂછો તો કહેશે જોબ કરું છું પણ શેની જોબ એ કહેતા થોડાક ખચકાશે. જો એટલી જ મહેનત દિલથી ભારતમાં કોઈ કરે તો અહીં વિદેશ કરતા પણ વધુ સુખ, શાંતિ અને સમૃદ્ધિ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૬ - ૨૭ ના બજેટમાં કૃષિ અને ખાદી ગ્રામોદ્યોગને મહત્વ આપીને સ્વદેશી વસ્તુઓના ઉત્પાદન થકી આત્મનિર્ભર અને વિકસિત ભારત સુધી પહોંચવાનો રોડમેપ તૈયાર કર્યો છે.



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

આજે એવા એક ખેડૂતની સફળતાની વાત આપ સૌ વાચકો સમક્ષ લાવવાની છે કે તેનું તમામ ઉત્પાદન નિકાસ કરી રહ્યા છે. હા, રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખોડા પીપર ગામના મહેશભાઈ આંબાભાઈ પીપળીયા ધોરણ ૧૦ સુધીનો અભ્યાસ પણ અનુભવ અને કોઠાસૂઝ જબ્બર. ખેતીમાં વધુ પડતા રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઉપયોગથી કેન્સર જેવી બીમારીઓ અને ખેતી ખર્ચમાં સતત વધારાની મૂંઝવણથી ખેતીમાં કંઈક નવું કરવાની તાલાવેલી એટલે પ્રથમ તો ઓર્ગેનિક ખેતીની શરૂઆત કરી. સમય જતાં પ્રાકૃતિક ખેતીનું જ્ઞાન અને અનુભવ મેળવીને પોતાની ૨૦ વીઘા જમીનમાં ગુલાબનું વાવેતર કર્યું. ગુલાબના લગભગ ૨૫,૦૦૦ થી વધારે છોડ લગાવ્યા છે. ગુલાબના ફૂલોમાંથી આયુર્વેદ પદ્ધત્તિથી ગુલકંદ બનાવવામાં આવે છે. ઉપરાંત ગુલાબની પાંખડીઓને ડ્રાય કરીને યુરોપ, અમેરિકા, કેનેડા જેવા દેશોમાં એક્સપોર્ટ કરવામાં આવે છે.

જ્યારે મહેશભાઈએ પોતાની ૧૦ વીઘા જમીનમાં દેશી જમરૂખના ૧૫૦૦ છોડનું વાવેતર કરેલ છે. મહેશભાઈ જમરૂખનું વેચાણ નથી કરતા, જમરૂખના પાન ડ્રાય કરીને કેનેડા નિકાસ કરી રહ્યા છે.

આ ઉપરાંત ૧૫ વીઘા જમીનમાં સરગવાનું વાવેતર કરેલ છે, આમાં પણ સરગવાનું વેચાણ કરવામાં નથી આવતું. સરગવાના પાન ડ્રાય કરીને પાવડર નિકાસ કરવામાં આવે છે. વાર્ષિક ૧૦ થી ૧૫ ટન પાવડરનું વેચાણ કરવામાં આવે છે. આ ઉપરાંત શિયાળામાં જુવારા, બીટ, પાલક અને ગલગોટાનું વાવેતર કરીને તેને ડ્રાય કરી પાવડર બનાવવામાં આવે છે. આ પાવડર વિશ્વના દેશોમાં નિકાસ કરવામાં આવે છે. મહેશભાઈ ગુજરાતના એવા સફળ ખેડૂત છે જે ફળ, ફૂલો અને કંદમૂળને ડ્રાય કરીને પાવડર બનાવી વેચાણ કરી રહ્યા છે. આજે બધા વિદેશ જઈને સારું ખાવું અને સારું જીવન જીવવાનો મોહ રાખે છે પરંતુ વિદેશની ધરતી ઉપર ખેત પેદાશોની નિકાસ ભારતના ખેડૂતો અને કંપનીઓ કરી રહ્યા છે અને ત્યાં પણ ચીજવસ્તુ ભારતની જ ખાઈ રહ્યા છે.

આજે સમય છે. ફરી ગામડાઓ સાથે જોડાઈને ચીલાચાલુ ખેતી છોડી આધુનિક જ્ઞાન મેળવીને આધુનિક ખેતી કરવાનો સમય આવી ગયો છે. ચાલો ફરી ગામડા તરફ વળીએ. મહેશભાઈ પીપળીયાનો સંપર્ક નં.-૯૮૯૮૮ ૦૨૨૫૦

## :: તિખારો ::

**મનનો અંગત ખૂણો કોઈને અંગત સમજીને ખોલતા પહેલા સો વખત વિચારજો કે આપણે માનેલા અંગતના પણ બીજા ઘણા અંગત હોય છે. ચહેરો ભોળપણનો અને હૃદયમાં લુચ્ચાઈ હોય છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડિક ખેતી કાર્યો

**ઉનાળુ મગફળી:**

● નિંદામણ : પ્રિ-ઈમરજન્સ તરીકે મગફળીનું વાવેતર કર્યા બાદ ઉગતા પહેલા જરૂર જણાય તો જ નિંદામણ નાશક દવા સ્ટોમ્પનો છંટકાવ કરવો. ● બીજને પટ્ટ : બીજને થાયરમનો પટ આપવો ત્યારબાદ રાઈઝોબીયમ અને ફોસ્ફેટ કલ્ચરનો પણ પટ આપીને વાવેતર કરવું. ● ઉનાળુ વાવેતર માટે ભરોસાપાત્ર એગ્રો પાસેથી સમયસર બિયારણ મેળવી લેવું. ● જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ દ્વારા ઉપલબ્ધ બિયારણ મેળવવા માટે વેબસાઈટ www.jau.in ઉપરથી માહિતી તેમજ ઓનલાઈન કરવા માટે મળી જશે. ઊંચા ભાવ આપી યુનિવર્સીટી સિવાયની જાતો લેવાનું ટાળજો. રૂબરૂ અનુભવ થયો હોય પછી જ વિશ્વાસ કરવો.

**તલ :** ઉનાળુ કાળા તલ માટે ગુજરાત તલ - ૧૧ નું વાવેતર કરવું. ઉનાળુ સફેદ તલ માટે ગુજરાત તલ - ૨, ૫, ૬ અથવા ૨૧ નું વાવેતર કરવું. **ઘઉં :** ઘઉંના પાકની ડુંડીઓ સુકાવવાનું ખરું કારણ ફ્રોસ્ટ ઈન્જરી છે એટલે રાત્રિ દરમિયાન તાપમાન ખૂબ નીચું જવાથી તેમજ ઘઉંની ડુંડી નિઘલ્યાં બાદ ઉપરથી રાસાયણિક ખાતર નાખવા કે છંટકાવથી ઘઉંના પાકને ઈજરી થાય છે. આ માટે કોઈ બિનજરૂરી ફૂગનાશક દવાઓનો છંટકાવ કરવો નહીં કે ખાતર આપવું નહિ.

**રાઈ : સફેદ ગેરૂ**

● રોગની શરૂઆત થાય કે તરત જ મેન્કોઝેબ ૭૫ વે.પા. ૨૭ ગ્રામ અથવા મેટાલેક્ષીલ એમઝેડ ૭૨ વે.પા. ૨૭ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગાળી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા.

**જીરા :** ● જીરાના પાકને ૨૦૦-૨૫૦ મિ.લિ. પાણીની જરૂર પડે છે. જીરાના પાકનું પિયત એ જોખમી પાસુ છે જેથી વાદળછાયું અને ભેજવાળું વાતાવરણ હોય ત્યારે કોઈપણ સંજોગોમાં પિયત ન આપવું. જીરાને ધીમે ધીમે હલકા પિયત આપવા. વિસ્તાર અને ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે પાકને



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

પિયતની જરૂરિયાત જુદી જુદી રહે છે.

**શેરડી: શેરડીમાં જૈવિક નિયંત્રણ માટે**

● સફેદ માખીના ઈંડા તેમજ બચ્ચાંને ખાનારા દાળીયા કિટકો જેવા કે સેરેન્જીયમ પારસેસીટોઝમ, મેનોચીલસ સેકસમેકયુલેટસ, બુમોઈડસ સુચુરાલીસ પરભક્ષી કરોળીયા તથા કેટલીકવાર ક્રાયસોપા પણ જોવા મળે છે. ત્યારે દવાનો છંટકાવ મુલ્તવી રાખવો જોઈએ. ડાયફા એફીડીવોરા, માઈક્રોમોસ ઈગોરોટસ તથા સીરફીડ ફલાય જેવા પરભક્ષી શેરડીની વ્હાઈટ વુલી એફીડ ઉપર ખુબ જ અસરકારક માલુમ પડેલ છે.

**તમાકુ :** સફેદ ટપકાં / સફેદ ચાંચડી હેક્ઝાકોનાઝોલ અથવા પ્રોપીનેબ કાર્બેન્ડાઝીમ અથવા પાણીમાં ભેળવી કોઈપણ એક ફુગનાશકનો વારાફરતી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા.

**અળસી અને પાન ખાનાર ઈયળ :** કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨ મિ.લિ. ૧ લિટર પાણીમાં ભેળવી ઝારા વડે દર ચોરસ મીટર દીઠ ૨ લિટરના દરે ધરૂવાડીયુ નાખ્યા બાદ દસ દિવસે જમીનમાં આપવું. બીન રાસાયણિક ઉપાય તરીકે લીમડાના ૧ કિ.ગ્રા. પાનનો અર્ક ૧૦ લિટર પાણીમાં ભેળવી આ દ્રાવણ જમીનમાં ચૂસાય તે રીતે આપવું. **શાકભાજી:** ● ગલકા માટે પુસા ચીકની, ગુજરાત ગલકા-૧, પુસા સૂપીયાનું વાવેતર કરવું. ● **દુધી :** જૂનાગઢ લોંગ ટેન્ડર, પૂસા નવીન, પૂસા સમર પ્રોલીફીક લોંગ, અર્કા બહાર, પૂસા મેધદૂત, પંજાબલોંગ, પંજાબ ગોળ, આણંદ દુધી - ૧, પૂસા સંકર - ૩ નું વાવેતર કરવું.

● **તુરિયા:** ગુજરાત જૂનાગઢ સંકર તુરીયા -૧, પુસા નસદાર, ગુજરાત આણંદ તૂરીયા-૧નું વાવેતર કરવું. ● ભીંડા માટે ગુજરાત ભીંડા-૨, ગુજરાત આણંદ ભીંડા-૫, વર્ષા ઉપહાર, પુસા મખમલી, ગુજરાત જૂનાગઢ ભીંડા-૩, ગુજરાત જૂનાગઢ ભીંડા સંકર-૨, ગુજરાત જૂનાગઢ ભીંડા સંકર-૩ નું વાવેતર કરવું. મશરૂમ: દક્ષિણ ગુજરાતમાં મશરૂમ ઉત્પાદકોને ઢીંગરી મશરૂમ (પ્લુરોટસ સજોર-કાજુ)નાં વધુ ઉત્પાદન માટે ઘઉં અને ડાંગરના પરાળનો ઉપયોગ કરવો.

**લસણ-ડુંગળી:** ● ડુંગળીની સંગ્રહશક્તિ વધારવા માટે કાપણી અગાઉ ૧૫ દિવસે મેલીક હાઈડ્રોકસાઈડ ૧૦ લિટર પાણીમાં ૫ ગ્રામ ભેળવી છંટકાવ કરવો. **ડુંગળી :** શરૂઆતના તબક્કામાં ડુંગળીના મોટા કદના કંદનો ઉતારો લેવા નિંદણ નિયંત્રણ ખુબ જ અગત્યનું છે. **બટાટા :** બટાટાના પાકને કેટલું અને કયારે પાણી આપવું તે જમીનના પ્રકાર અને આબોહવા ઉપર આધાર રાખે છે. આ પાકને પ્રથમ પિયત રોપણી પહેલાં ચાર દિવસે અને બીજું પિયત બટાટાના ઉગાવા દરમ્યાન (૨૦ થી ૨૧ દિવસે) આપવું ત્યારબાદ બાકીના પિયત હલકી રેતાળ જમીનમાં ૬ થી ૭ દિવસના ગાળે ૪ થી ૫ સેમી ઉંડાઈના ૧૨ થી ૧૩ પિયત અને ગોરાળુ જમીનમાં ૭ થી ૧૦ દિવસના અંતરે ૫ થી ૬ સેમી. ઉંડાઈના ૬ થી ૮ પિયતની જરૂરિયાત રહે છે. બટાટાના પાકમાં પાણીના કાર્યક્ષમ અને કરકસર ઉપયોગ માટે ફુવારા પધ્ધતિ અને ટપક પધ્ધતિથી પિયત આપવાથી ૪૦ થી ૪૫ ટકા પાણીનો બચાવ કરી શકાય છે.

**કેળ:** ● કેળના પાકમાં માતૃ છોડની આજુબાજુના પીલા નિયમિત કાઢતા રહેવું.

● જરૂરિયાત મુજબ ૪ થી ૫ દિવસે પિયત આપવું ● કેળના સારા વિકાસ માટે ફળો બેસી ગયા બાદ પૂષ્પ વિન્યાસ ખેરી નાખવો. ● કેળની લુમને ઢાંકવા માટે સુકા પાન અથવા કંતાનથી લુંમને ઢાંકવી. **શોષક અને બિન શોષક પ્રકારની દવાને ઓળખો :-** ● જે દવા વનસ્પતિનાં કોષોની અંદર દાખલ થઈને રોગકારક સામે કાર્ય કરતી હોય તેને શોષક પ્રકારની દવા કહેવાય છે. દા.ત. બેન્ઝામીડેઝોલ, ઓકિઝથીન અને ટ્રાઈઝોલ્સ, વર્ગની દવાઓ. બાકીની બધી જ જે દવા કોષોમાં દાખલ થઈ શકતી ન હોય કે સ્થળાંતર કરી શકતી ન હોય તેને બિનશોષક દવાઓ કહેવાય છે. દાત. કેપ્ટાન, મેન્કોઝેબ અને થાયરમ. ● શોષક પ્રકારની દવા બીજ અને મૂળ દ્વારા શોષાઈને જલવાહીની મારફતે વનસ્પતિનાં વિવિધ ભાગોમાં પહોંચે છે. પરંતુ અન્નવાહિની દ્વારા તેનું સ્થળાંતર થતું નથી. તેથી શોષક પ્રકારની દવા પાન ઉપર છાંટવામાં આવે ત્યારે થડ અથવા મૂળમાં પહોંચતી નથી તેથી તેની માવજત આપવા જમીનમાં નાખવી પડે પરંતુ જથ્થો વધારે જોઈએ અને દવા કિંમતી હોય તે આર્થિક રીતે પોષાય નહિ પરંતુ પાન ઉપરનાં રોગો અને બીજજન્ય રોગ માટે ઉપયોગી છે.




**શોષક પ્રકારની દવાના જુદા જુદા વર્ગ છે.**

● ૧) ઓકઝેથીન વર્ગ.: દા.ત. કાર્બોક્ઝીન અને ઓક્સીકાર્બોક્ઝીન.

● ૨) બેન્ઝામીડેઝોલ વર્ગ : દા.ત. વેનોમીલ, કાર્બેન્ડેઝીમ, થાયોબેન્ડેઝોલ, થાયોફેનેટ અને થાયોફેનેટ મીથાઈલ.

● ૩) મોરફોલાઈન વર્ગ : દા.ત. ડોડીમોર્ફ.

● ૪) ઓર્ગેનીક ફોસ્ફેટ વર્ગ.: દા.ત. ફોઝેટાઈલ એએલ, કીટાઝીન અને એડીફેનફોસ.

(ક્રમશઃ)

....જીપ્સમ....
ખેતીની જમીન માટે
લુઝ ટ્રક લોડીંગ ચાલુ
૨૮ થી ૪૦ ટન સુધી
--:: સંપર્ક ::--
૯૪૨૬૯ ૮૯૫૭૬

# અદ્યતન કૃષિ ટેકનોલોજી - પ્રિસિઝન ફાર્મિંગ

પ્રવર્તમાન સમયમાં ખેતરની જરૂરિયાતને ધ્યાનમાં લીધા સિવાય આપવામાં આવતા પિયત, ખાતર, જંતુનાશક, નિંદામણ વગેરેની એકસરખી કૃષિ ઉત્પાદન સામગ્રી આપવાના કારણે પરિબળની ઉત્પાદકતા ઘટી રહી છે. વધુમાં પર્યાવરણને નોંધપાત્ર નુકસાન થયું છે. પ્રિસિઝન ફાર્મિંગનો મુખ્ય ઉત્પાદક સામગ્રી (પાણી-ખાતર-કીટનાશક વગેરે)ના ઉપયોગમાં ઘટાડો કરી વધુ ઉત્પાદન મેળવવાનું છે. પ્રિસિઝન, ફાર્મિંગમાં સ્થાનિક પર્યાવરણનો ચોકસાઈપૂર્વક ક્યાસ કાઢવા કોમ્પ્યુટર, ગ્લોબલ પ્રોઝીશનિંગ સિસ્ટમ (જીપીએસ) અને રિમોટ સેન્સિંગ ડીવાઈસનો ઉપયોગ કરી એ નક્કી કરવામાં આવે છે કે, સ્થાનિક સમસ્યા અને કુદરતમાં પાકને મહત્તમ કાર્યક્ષમતાએ ઉગાડવો. આ ખેત પદ્ધતિ દ્વારા ચોક્કસ માહિતી ખેડૂતોને યોગ્ય નિર્ણય લેવામાં મદદરૂપ થશે.

પ્રિસિઝન ફાર્મિંગ વિકાસ માપની તાંત્રિકતામાં નવીન સમાવેશ સુધારો કરી ક્ષેત્રવ્યવસ્થાપનને તે એક નવીન ઓળખ આપે છે, જેમાં કોમ્પ્યુટિંગ સાથે ઈલેક્ટ્રોનિકનો સમન્વય કરવામાં આવે છે. પ્રિસિઝન ફાર્મિંગ સામાન્ય રીતે પ્રિસ્ક્રિપ્શન ફાર્મિંગ, સાઈટ સ્પેસિફિક ફાર્મિંગ, બદલાતા દરે તાંત્રિકતા, સ્માર્ટ ફાર્મિંગ, સ્થાનિકના- ચોક્કસ ક્ષેત્રિય વ્યવસ્થા અને સ્પેશિયલી વેરીએબલર ફાર્મિંગ એમ વિવિધ નામે ઓળખાય છે.

પ્રિસિઝન ફાર્મિંગના હેતુઓ :

(૧) ઉત્પાદન કાર્યક્ષમતા વધારવી (૨) પેદાશની ગુણવત્તા સુધારવી (૩) સાધન સામગ્રીનો વધુ કાર્યક્ષમ ઉપયોગ (૪) પ્રાકૃતિક સંસાધનોનું ડીગ્રેડેશન ઘટાડવું (૫) ઊર્જા બચાવ / સંરક્ષણ (૬) જમીન અને પાણીનું સંરક્ષણ

પ્રિસિઝન ફાર્મિંગના મૂળભૂત ઘટકો :

(૧) વિવિધતાને સમજવી અને માપન (૨) ખેતરમાં ચોક્કસ સ્થાનિક વિવિધતાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તેને જરૂરી ઈનપુટ્સ સામગ્રીનું વ્યવસ્થાપન (૩) સ્થાનિક ચોક્કસ પદ્ધતિની કાર્યક્ષમતા કાર્યદક્ષતાનું માપન.

પ્રિસિઝન ફાર્મિંગના ગુરૂચાવીરૂપ ત્રણ તત્વો:

(૧) માહિતી : પાકની વાવણીથી કાપણી સુધીની દરેક અવસ્થા પ્રમાણે સમયસર અને ચોક્કસ માહિતીની આવશ્યકતા છે.

(૨) તાંત્રિકતા : વર્તમાન-નવીન તાંત્રિકતા જેવી કે સંગણક (કોમ્પ્યુટર) જે આંકડાની ગોઠવણી અને વ્યવસ્થાપન માટે વધુ અસરકારક છે.

(૩) વ્યવસ્થા : ઉપલબ્ધ માહિતી અને તાંત્રિકતાનો સમન્વય કરવો.

પ્રિસિઝન ફાર્મિંગ માટે તાંત્રિકતા :

(૧) કોમ્પ્યુટર : પ્રિસિઝન ફાર્મિંગ માટે ખાસ જરૂરી અને ઉપયોગી કોમ્પ્યુટર છે જેના દ્વારા અસંખ્ય આંકડાકીય માહિતીનું ખૂબ જ ઓછા સમયમાં પૃથક્કરણ કરી જરૂરી દિશાસૂચન કરવામાં મદદરૂપ થાય છે.

(૨) ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ (જીપીએસ) : આ તાંત્રિકતા વડે કૃષિ ઉત્પાદનમાં પાકની વિવિધ અવસ્થાઓએ પૃથ્વીની સ્થિતિની માહિતી મેળવી શકાય છે જેનાથી પ્રિસિઝન ફાર્મિંગમાં કાર્યપદ્ધતિ અંગે માર્ગદર્શન મળે છે.

(૩) જીયોગ્રાફીક ઈન્ફોર્મેશન સિસ્ટમ (જીઆઈએસ): તે સુવ્યવસ્થિત રીતે સંગણક (કોમ્પુટર) હાર્ડવેર, સોફ્ટવેર અને જમીનના ભૌગોલિક આંકડાને એકત્રિત કરી માહિતીનું પૃથક્કરણ કરી ભૌતિક રીતે નકશો બનાવી શકે છે.

(૪) સેન્સર : સેન્સર વડે ભૌતિક ઈમપલ્સ જેવા કે ઊર્જા, પ્રકાશ, ધ્વનિ - લોહચુંબકીય, ગતિ અને દબાણનો પ્રતિભાવ આપે છે. સેન્સર પ્રિસિઝન ફાર્મિંગમાં ઉપયોગી છે કારણ કે આ પદ્ધતિ દ્વારા આંકડા એકત્રિત કરી સંકલન કરવું અને પૃથક્કરણ કરી યોગ્ય સમયે તેનો ઉપયોગ કરવામાં મદદ કરે છે.

એપ્લિકેશન કંટ્રોલ :

સ્વયંસંચાલિત પદ્ધતિનો આ એક ભાગ છે. એપ્લિકેશન કંટ્રોલ વડે મળેલ માહિતીનો ઉપયોગ પ્રિસિઝન ફાર્મિંગના હેતુને સિદ્ધ કરવા માટે ઉત્પાદન સામગ્રી યોગ્ય સમયે, યોગ્ય જથ્થામાં અને ખેતરમાં યોગ્ય સ્થાને સારી રીતે આપવામાં કરવામાં આવે છે.

ડો. આર.કે. કલારિયા અને ડો. એસ.એસ. પાટીલ, અસ્પી શકીલમ
બાયોટેક્નોલોજી ઇન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત-૩૯૫ ૦૦૭૪,
કૃષિ મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, ભરૂચ -૩૯૨ ૦૧૨

પ્રિસિઝન ફાર્મિંગ પદ્ધતિ :

ચોક્સાઈપૂર્વક વાવેતર / ધરૂની રોપણી બાળરોપ (ધરૂ) પાકના પ્રસ્થાપનમાં અગત્યનું પરિબળ છે જે છોડની સંખ્યા, જૂસ્સો અને ઉત્પાદન મેળવવા માટે જરૂરી છે. પ્રિસિઝન ફાર્મિંગમાં બીજને ચોક્કસ ઊંડાઈએ અને દરે આપી શકાય છે. સામાન્ય રીતે આપણા દેશમાં હાથ વડે બીજનું વાવેતર કરવામાં આવે છે પરંતુ ઓછા ખર્ચે વાવેતર માટેના ઓજાર વડે બીજના ઓછા પ્રમાણથી પણ છોડની યોગ્યતમ સંખ્યા મેળવવામાં સફળતા મળે છે.

ચોકસાઈપૂર્વક પોષકતત્વો આપવા :

ખાતર આપવામાં પ્રિસિઝન ફાર્મિંગમાં ખાતરની પસંદગી, જથ્થાનું મૂલ્યાંકન અને આપવાની તાંત્રિકતા ઉપયોગી છે. અસંતુલિત ખાતર વ્યવસ્થા તથા વધુ પડતા નાઈટ્રોજન તત્વના ઉપયોગથી અન્ય સૂક્ષ્મ પોષકતત્વોની ઉણપ થાય છે અને નાઈટ્રોજનનો નિતારથી વ્યય થાય છે. આ માટે કેટલાક ઉપકરણો જેવા કે ખાતર આપવા માટે વાવણિયો- ખેતઓજાર, પોષકતત્વો આપવાનું નક્કી કરવા માટે લીફ કલર ચાર્ટ્સ અને ક્લોરોફિલ મીટરનો પ્રિસિઝન ફાર્મિંગમાં ઉપયોગ કરવાથી યોગ્ય સમયે યોગ્ય જથ્થામાં પોષક વ્યવસ્થા કરી શકાય છે.

પિયતમાં પ્રિસિઝન :

દિવસે દિવસે કૃષિ માટે પિયત પાણીની અછત જોવા મળે છે. પ્રવર્તમાન સમયમાં ખેડૂતોને પિયત આપવાનો સમય જમીનમાં ભેજના પ્રમાણના આધારે નક્કી કરી પિયત કરતા હોય છે જેથી વધુ પડતા પિયતથી પાણીનો વ્યય થતો હોય છે. કોમ્પ્યુટર આધારિત સેન્સર ખેતરની જમીનમાં રહેલ ભેજનું પ્રમાણ ચોકસાઈથી નક્કી કરે છે અને તેના આધારે પાણીનો જથ્થો અને આપવાનો સમય નિર્દેશ કરે છે. ફુવારા અને ટપક પિયત પદ્ધતિથી પ્રિસિઝન ફાર્મિંગ માટે સાચી દિશામાં પિયતનું વ્યવસ્થાપન કરી શકાય છે.

રોગ-જીવાત નિયંત્રણમાં ચોકસાઈ :

વધતા જતા કૃષિ રસાયણો (જંતુનાશકો)નો કૃષિ ઉત્પાદનમાં ઉપયોગ પર્યાવરણ માટે જોખમી છે. વધુ પડતી જંતુનાશક દવાઓના ઉપયોગથી જીવાતોમાં પ્રતિકારકતા ઊભી થવાના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. જી.પી.એસ. અને જી.આઈ. એસ. વડે પ્રાદેશિક લેવલે રોગ જીવાતનું મોનેટરિંગ કરી યોગ્ય જંતુનાશક દવા યોગ્ય સમયે અને જથ્થામાં આપવામાં આવે છે. જેથી જંતુનાશક દવાનો વ્યય ઘટાડી તેનો કાર્યક્ષમ ઉપયોગ કરી અસરકારક જીવાતનું નિયંત્રણ પ્રિસિઝન ફાર્મિંગમાં શક્ય બને છે.

પ્રિસિઝન ફાર્મિંગની સમસ્યાઓ :

(ક) શરૂઆતમાં વધુ રોકાણ : પ્રિસિઝન ફાર્મિંગનો અમલ કરવા માટે સાચા અર્થમાં જોઈએ તો તેના માટે જરૂરી ઉપકરણો કિંમતમાં મોંઘા હોવાથી ખેડૂતે શરૂઆતમાં પૈસાનું વધુ રોકાણ કરવું પડે છે.

(ખ) તજજ્ઞતાની જરૂરિયાત : પ્રિસિઝન ફાર્મિંગ ફક્ત યાંત્રિક યા તાંત્રિકતા પર આધારિત નથી. તે જ્ઞાન અને ખેતર પરના મહદ એન્ટરપ્રાઈઝને વધારે અનુસરે છે.

(ગ) હાઈટેક નેચર : પ્રિસિઝન ફાર્મિંગ અદ્યતન તાંત્રિકતા ઉપર આધારિત છે. ખેત ઓજારો વિવિધ તાંત્રિકતાથી સુસજ્જ હોવા જરૂરી છે. ગ્લોબલ પોઝીશનિંગ સિસ્ટમ દ્વારા ખેતરમાં વિવિધતાના આધારે ઉત્પાદક સામગ્રી આપવાનો દર સ્વયંસંચાલિત રીતે નિયંત્રિત થાય છે.

(ઘ) નાના ખેતરો : આપણા દેશમાં નાના અને સિમાંત ખેડૂતો હોવાના કારણે જમીનના ટુકડા હોવાથી પ્રિસિઝન ફાર્મિંગ અમલમાં મુકવું પ્રાયોગિક પ્રત્યક્ષ રીતે અનુકૂળ નથી.

ઉપરોક્ત મર્યાદા હોવા છતાં એમ ધારી લેવું યોગ્ય નથી કે પ્રિસિઝન ફાર્મિંગ સમગ્ર રીતે અનુકૂળ નથી. આ પાક વ્યવસ્થાનો એક કોન્સેપ્ટ છે. પ્રિસિઝન ફાર્મિંગ એ ફક્ત અદ્યતન ઉપકરણોનો ઉપયોગ નથી તેનાથી વધુ તાંત્રિક માહિતી મેળવી તેના પ્રત્યક્ષ ઉપયોગને અનુસરે છે. સંકોચાતી ખેતીલાયક જમીન અને વધતી જતી વસ્તી (૧૨૧ કરોડ) નું દબાણ સાથે કદમ મેળવવા માટે એકમ વિસ્તારની ઉત્પાદકતા વધારવી અને ટકાવી રાખવી ખૂબ જ આવશ્યક છે સાથે સાથે પર્યાવરણ ઉપર થતું નુકસાન (માઠી અસર) ઘટાડવું જરૂરી છે. પ્રિસિઝિન ફાર્મિંગની સફળતાનો આધાર અંશતઃ સંકલિત વ્યવસ્થામાં તાંત્રિકતા એકત્રિત કરી તેનો ઉપયોગ વિવિધ પાક પદ્ધતિ પર કરવો.

# તરબૂચ



**ખાતર વ્યવસ્થાપન:** રેતાળ જમીનમાં જમીન તૈયારી વખતે હેકટર દીઠ ૩૦૦ થી ૪૦૦ કિવન્ટલ જેટલું સારૂ કોહવાયેલુ છાણિયું ખાતર જમીનમાં નાખીને બરાબર ભેળવી દેવું. છાણિયું ખાતર અને રાસાયણિક ખાતરો ખામણા દીઠ આપવામાં આવે તો ખાતરનો બગાડ થતો અટકાવી શકાય છે. ખામણા દીઠ ૧૬ ગ્રામ નાઈટ્રોજન, ૧૦ ગ્રામ ફોસ્ફરસ અને ૧૦ ગ્રામ પોટાશ યુકત ખાતરો આપવા જોઈએ જેથી ઉત્પાદન વધુ મેળવી શકાય છે. વાવણી પહેલાં ૩૦ સે.મી. X૩૦ સે.મી.X૩૦ સે.મી. ના ખાડા તૈયાર કરવા. તેમાં બરાબર કોહવાયેલુ છાણિયુ ખાતર ૪ કિ.ગ્રા. માટી સાથે મિશ્ર કરી નાખવું. તે ખાડામાં ૩૨ ગ્રામ યુરિયા અથવા ૮૦ ગ્રામ એમોનિયમ સલ્ફેટ, ૬૨ ગ્રામ સિંગલ સુપર ફોસ્ફેટ અને ૧૬ ગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ એ બધુ જ માટી સાથે મિશ્ર કરી ખાડામાં નાખવું. આ પ્રમાણે તૈયાર થયેલ દરેક ખામણામાં બે અથવા હાઈબ્રીડ બિયારણ હોય તો એક બીજ થાણવાં બીજના જલદી અને એક સરખા માટે થાણતાં પહેલા બીજને ૨૪ કલાક સુધી પાણીમાં પલાળી રાખી ત્યાર બાદ વાવવા.

ખાતરની ગણતરી :- (૨X૧ મીટરના અંતર માટે) ક્રમ હેકટર દીઠ તત્વો/ કિ.ગ્રા/હે.

**કયું ખાતર કેટલા પ્રમાણમાં આપવું ખાતર કયારે આપવું?**

● નાઈટ્રોજન -૫૦ ૧૧૦ કિ.ગ્રા. હે. યુરિયા વાવણી વખતે પાયામાં ફોસ્ફરસ- ૫૦ ૩૦૦ કિ.ગ્રા હે. એસ.એસ.પી પોટાશ - ૫૦ ૮૦ કિ.ગ્રા. હે. મ્યુરેટ ઓફ પોટાશ.

● નાઈટ્રોજન -૨૫ ૫૫ કિ.ગ્રા. હે. યુરિયા અથવા ૧૨૫ કિ.ગ્રા. એમોનિયમ સલ્ફેટ વાવણી બાદ ૩૦ દિવસે

● નાઈટ્રોજન -૨૫ ૫૫ કિ.ગ્રા. હે. યુરિયા અથવા ૧૨૫ કિ.ગ્રા. એમોનિયમ સલ્ફેટ ફળો બેસવાની શરૂઆત થાય ત્યારે. જો વાવણી જોડિયા હાર પધ્ધતિથી કરવામાં આવે તો તેમાં પોટાશ અને ફોસ્ફરસ ઉપર મુજબ લેવું પણ નાઈટ્રોજન યુક્ત ખાતર ૧૫૦ કિ.ગ્રા. આપવું જેમાં ૭૫ કિ.ગ્રા. નાઈટ્રોજન વાવણી વખતે ૩૭.૫ કિ.ગ્રા. વાવણી બાદ અને બીજુ ૩૭.૫ કિ.ગ્રા. ફળો બેસવાની શરૂઆત થાય ત્યારે આપવું. હાઈબ્રીડ જાતનું વાવેતર કરવું હોય ત્યારે ખાતરનો જથ્થો ૧૦૦-૧૨૫-૧૦૦ ના.ફો. પો. કિલો/હે. પ્રમાણે આપવું. જો જમીનમાં નિમેટોડસ(કૃમિ)નો ઉપદ્રવ જોવા મળતો હોય તો શરૂઆતમાં ખાડામાં કાર્બોફયુરાન દવા હેકટરે ૧૨ કિલો પ્રમાણે આપવું. ફુલ

શ્રી એસ.એસ. દરજી
વિષય નિષ્ણાત- બાગાયત
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જી. પાટણ

આવે ત્યારે કેલ્શીયમ નાઈટ્રેટ ૨ ગ્રામ / લિટર અને વેલા ઉગી ગયા બાદ ૧૫-૨૦ દિવસે મેગ્નેશિયમ સલ્ફેટ ૨ ગ્રામ / લિટર પ્રમાણે અને બોરોન ૧ ગ્રામ + કેલ્શીયમ ૧ ગ્રામ / લિટર પ્રમાણે ભેળવી ફળોના વિકાસના સમયે છંટકાવ કરવામાં આવે તો ફળોની સંખ્યામાં વધારો કરી શકાય.

**ખેતી કાર્યો :** પારવવું: છોડની સારી વૃધ્ધિ થયા બાદ ખામણા દીઠ એક એક રહેવા દઈને વધારાના છોડ કાઢી નાખવા. હાઈબ્રીડ તરબુચની ખેતીમાં છાંટણી ખુબ મહત્વનો ભાગ ભજવે છે. જેમાં શરૂઆતમાં એક મુખ્ય અને બીજી બે બાજુમાં શાખા રાખી બાકીની કાઢી નાખવી. આ કાર્ય જયારે તરબુચ નાના હોય ત્યારે કરવું. ફળની સંખ્યા કરતા કદ પર ભાર મૂકવાનો હોય ત્યારે ફળ નાના હોય તે વખતે વધારાના ફળો તોડી નાખી સંખ્યા ઓછી કરવી જેથી બાકી રહેલા ફળનો વિકાસ સારો થાય.

**આંતરખેડ અને પિયત:** આ પાકનાં મૂળ ઉંડા જતાં નથી આથી નિંદામણનો નાશ કરવા છીછરી આંતરખેડ કરવી. વેલા મોટા થયા બાદ ખૂરપીથી નિંદામણ કરવું. આ પાકના આયુષ્ય કાળ દરમ્યાન ૮ થી ૧૦ દિવસનાં અંતરે પિયત આપવું. વેલાની વૃધ્ધિ નીકળી એક જ બાજુએ થાય એ માટે શરૂઆતથી જ દરેક વેલાને કેળવવા. આમ કરવાથી નીકમાં પિયત સહેલાઈથી આપી શકાય છે અને ફકત નીકમાં જ પિયત આપવાથી ફળને વધુ ભેજથી થતું નુકસાન અટકાવી શકાય. પાછલી અવસ્થામાં પાણી ઓછું આપવું જેથી એની ગુણવત્તા સારી રહે. પાકની શરૂઆતની અવસ્થામાં વેલાની ઝડપી વૃધ્ધિ થાય છે તે સમયે ૬ થી ૭ દિવસે પાણી આપવું. ત્યાર પછી સામાન્ય રીતે ૧૦ થી ૧૨ દિવસે પાણી આપવું અને ફળ પાકવાની શરૂઆત થાય તે અગાઉ પાણી આપવાનું બંધ કરવું. શરૂઆતની વીણી બાદ નાના રહેલ ફળના વિકાસ માટે લાંબા ગાળે હળવું પિયત આપવું. ગોરાડુ જમીનમાં અથવા રેતાળમાં ટૂકા ગાળે પાણી આપવું.

**જાતિય પરિવર્તન:** સામાન્ય રીતે તરબુચના વેલામાં શરૂઆતમાં નર પુષ્પની સંખ્યા આવશ્યક છે. આ માટે ઈથેફોન ૫૦ થી ૧૦૦ મિ.ગ્રા./ લિટર અથવા જીબ્રેલિક એસિડ ૨૫ મિ.ગ્રા. / લિ. નું દ્રાવણ બનાવી બે છંટકાવ (બીજાથી ચોથા પાન નીકળે ત્યારે અને બીજો છંટકાવ પાંચમું પાન નીકળે ત્યારે) કરવાથી માદા પુષ્પોનો વધારો કરી અને ઉત્પાદન વધારે મેળવી શકાય છે.

**લણણી:** તરબુચના ફળની પરિપકવતા માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા.

● પ્રકાંડને છેડે તણાવો સુકાવા માંડે.

● ફળને આંગળીથી ટકોરો મારતાં ધાતુ જેવો રણકાર આવે તો ફળ અપરિપકવ છે જયારે ઘેરો- બોદો અવાજ આવે તો તે ફળ પરિપકવ છે.

● જમીનને અડકેલ ફળના ભાગની છાલનો રંગ ફળ પરિપકવ થતા સફેદમાંથી બદલાઈ પીળાશ પડતો થાય છે.

● ફળનાં ડીંટા આગળ લાગેલ વેલો લીસો અને બિલકુલ રૂવાટી વગરનો દેખાય તો તરબુચ પાકી ગયુ છે તેમ માની શકાય.

**ઉત્પાદન:** તરબુચનો પાક ૮૫ થી ૯૦ દિવસનો છે. તેમાં ફળોનું ઉત્પાદન હેકટર દીઠ ૩૦ થી ૪૦ ટન જેટલું મળે છે. હાઈબ્રીડ તરબુચની ખેતીમાં કુલ ૬૫ હજારના ખર્ચની સામે ચોખ્ખો નફો ૧.૧૦ લાખ જેટલો મળે છે. જો ખેડૂત તરબુચની ખેતી વધારે કાળજી રાખીને કરે તો ઘણો નફો મેળવી શકાય છે.

# ઈસ્લામાબાદની મસ્જિદ પર આત્મઘાતી બોમ્બ હુમલા બાદ કાશ્મીરમાં પાકિસ્તાન વિરોધી વિરોધ પ્રદર્શન



શ્રીનગર,તા.૮

પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં આત્મઘાતી હુમલામાં શિયા શ્રદ્ધાળુઓની હત્યાના વિરોધમાં કાશ્મીર ખીણના અનેક વિસ્તારોમાં પાકિસ્તાન વિરોધી વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા. શિયા બહુલ વિસ્તારોમાં સેંકડો લોકો રસ્તા પર ઉતરી આવ્યા અને પાકિસ્તાન, તેની સરકાર અને વડાપ્રધાન શાહબાઝ શરીફ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા. કેટલાક વિસ્તારોમાં, વિરોધીઓએ સાઉદી અરેબિયા અને ઈઝરાયલ વિરુદ્ધ પણ સૂત્રોચ્ચાર કર્યા. શુક્રવારે, ઈસ્લામાબાદમાં એક આત્મઘાતી હુમલાખોરે શિયા મસ્જિદને નિશાન બનાવી, જેમાં ૩૦ થી વધુ લોકો માર્યા ગયા અને લગભગ ૧૭૦ ઘાયલ થયા. ગત વર્ષે કાશ્મીરમાં પાકિસ્તાન વિરોધી વિરોધ પ્રદર્શનની આ બીજી ઘટના છે. ગયા વર્ષે એપ્રિલમાં પહેલગામ આતંકવાદી હુમલા બાદ, જેમાં પાકિસ્તાની આતંકવાદીઓએ ૨૬ લોકોને માર્યા ત્યારે સમગ્ર કાશ્મીરમાં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા. જો કે, આ વખતે, વિરોધ પ્રદર્શનો શિયા બહુલ વિસ્તારો સુધી મર્યાદિત છે. આ હુમલાથી વ્યાપક જાહેર આક્રોશ અને ઉગ્ર નિંદા થઈ. શુક્રવારે મોડી સાંજે બાંદીપોરા જિલ્લાના સુમ્બલ વિસ્તારમાં અને બારામુલ્લા જિલ્લાના પટ્ટનમાં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા.

# કોંગ્રેસના સાંસદની પત્ની પાકિસ્તાનના એજન્ટની નજીક : આસામ સીએમના દાવાથી ખળભળાટ



ગૌહાટી,તા.૦૮

આસામના મુખ્યમંત્રીએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ સાંસદ ગૌરવ ગોગોઈ અને તેમની પત્ની એલિઝાબેથ પાકિસ્તાની એજન્ટ અલી તૌકીર શેખના ખૂબ નજીક છે. એક પાકિસ્તાની ફર્મે ગૌરવની પત્નીને નોકરી આપી, પછી તેમને ભારત ટ્રાન્સફર કરી દીધા. આ કામ માટે પગાર અલી તૌકીર શેખ જ આપતો હતો. હિમંતાનો આરોપ છે કે એલિઝાબેથ ભારત સાથે જોડાયેલી ઘણી જાણકારીઓ એકઠી કરતી હતી, અને પાકિસ્તાની નાગરિક અલી શેખને રિપોર્ટ આપતી હતી. હિમંતાએ એવો પણ દાવો કર્યો કે અલી તૌકીર ૨૦૧૦ થી ૨૦૧૩ ની વચ્ચે ૧૩ વખત ભારત આવ્યો હતો. તેનો હેતુ દુનિયામાં ભારત વિરોધી નેરેટિવ તૈયાર કરવાનો હતો. CM સરમાએ શનિવારે કહ્યું હતું કે પાકિસ્તાની નાગરિક અલી તૌકીર શેખ અને બ્રિટિશ નાગરિક એલિઝાબેથ કોલબર્ન ગોગોઈ સાથે સંકળાયેલી ભારત વિરોધી ષડયંત્રની તપાસ કેન્દ્રીય એજન્સીઓને સોંપવામાં આવશે. સરમાએ કહ્યું કે SIT તપાસ એવા વળાંક પર પહોંચી ગઈ છે, જ્યાં કેન્દ્રીય મદદ વિના આગળ વધવું શક્ય નથી, કારણ કે ઈન્ટરપોલ પાસેથી મદદ અને ભારત સરકાર તથા સંસદ પાસેથી સંવેદનશીલ માહિતીની જરૂર છે. તેથી એવું નક્કી કરવામાં આવ્યું છે કે મામલો ગૃહ મંત્રાલય દ્વારા પસંદ કરાયેલી કેન્દ્રીય સરકારી એજન્સીને સોંપી દેવામાં આવશે.

# લક્ષ્મી ભંડાર યોજનામાં માસિક ૫૦૦નો વધારો, ચૂંટણી પહેલા બંગાળમાં મમતા બેનર્જીનો માસ્ટરસ્ટ્રોક

કોલકાતા,તા.૮

૨૦૨૬ ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા રજૂ કરાયેલા વચગાળાના બજેટમાં, રાજ્ય સરકારે લક્ષ્મી ભંડાર યોજનામાં ૫૦૦ નો વધારો જાહેર કર્યો છે. રાજ્યના નાણામંત્રી ચંદ્રિમા ભટ્ટાચાર્યએ વચગાળાનું બજેટ રજૂ કર્યું. આ પછી, મુખ્યમંત્રી મમતા બેનર્જીએ મીડિયાને સંબોધન કર્યું અને ફરી એકવાર કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે જ્યારે રાજ્ય ૧૦૦ દિવસની રોજગાર યોજના અને આવાસ યોજના જેવી ઘણી યોજનાઓમાં નંબર વન છે, ત્યારે કેન્દ્ર સરકારે આ યોજનાઓ માટે ભંડોળ બંધ કરી દીધું છે. વધુમાં, બજેટમાં ૧,૫૦૦ ના બેરોજગારી ભથ્થાની સાથે બાંગ્લા યુવા સાથી યોજનાની પણ જાહેરાત કરવામાં આવી છે, જે ૨૧ થી ૪૦ વર્ષની વયના યુવાનોને આવરી લે છે. બંગાળના વચગાળાના બજેટમાં સરકારી કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થામાં ૪% નો વધારો કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

# પાકિસ્તાનને ઝટકો આપવા ચિનાબ નદી પર હાઈડ્રો પ્રોજેક્ટ માટે ભારત સરકારે ટેન્ડર જાહેર કર્યું

શ્રીનગર,તા.૦૮

ભારત સરકારે પાકિસ્તાન સાથેના જળ વિવાદ અને સિંધુ જળ સંધિ (IWT) ના તણાવ વચ્ચે જમ્મુ-કાશ્મીરમાં ચિનાબ નદી મામલે એક મોટો વ્યૂહાત્મક પ્રહાર કર્યો છે. NHPCએ અંદાજે રૂ.૫,૧૨૯ કરોડ ના ખર્ચે તૈયાર થનારા સાવલકોટ હાઈડ્રો પ્રોજેક્ટ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દીધી છે. NHPC દ્વારા બહાર પાડવામાં આવેલા ટેન્ડર મુજબ, આ આખો પ્રોજેક્ટ એક જ પેકેજ હેઠળ તૈયાર કરવામાં આવશે. જેમાં ડાઈવર્ઝન્ટ ટનલનું નિર્માણ, કોફર ડેમ, માંડિયા નાલા ડીટી અને ડેમ સાથે જોડાયેલા તમામ સહાયક કાર્યોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, રાઈટ બેંક



સ્પાઈરલ ટનલ અને એક્સેસ ટનલ જેવા જટિલ એન્જિનિયરિંગ કાર્યો પણ આ પેકેજમાં આવરી લેવામાં આવ્યા છે. સિંધુ જળ સંધિને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ખેંચતાણ ચાલી રહી છે. ચિનાબ નદી પર ભારત જે રીતે એક પછી એક હાઈડ્રો પ્રોજેક્ટ્સ (જેમ કે રાતલે અને સાવલકોટ)ને મંજૂરી આપી રહ્યું છે, તેનાથી પાકિસ્તાનને ભવિષ્યમાં પાણીની અછતનો ડર સતાવી રહ્યો છે.

# અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે મુંબઈના વાનખેડેમાં ભારત-યુએસએની મેચ નિહાળી

મુંબઈ,તા.૮

ભારતમાં અમેરિકાના રાજદૂત અને દક્ષિણ અને મધ્ય એશિયા માટેના ખાસ દૂત સર્જિયો ગોર, શનિવારે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ભારત અને અમેરિકા વચ્ચેની ટી ૨૦ વર્લ્ડ કપ મેચમાં હાજર હતા. ગોરે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) ના પ્રમુખ જય શાહ સાથે મુલાકાત કરતા પહેલા શાનદાર ઉદ્‌ઘાટન સમારોહ અને આતશબાજીનો આનંદ માણ્યો. ભારતના ભૂતપૂર્વ કેપ્ટન અને આ સિઝનના ટી ૨૦ વર્લ્ડ કપના બ્રાન્ડ એમ્બેસેડર રોહિત શર્મા પણ હાજર રહ્યા હતા. અગાઉ, ગોરે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું કે, "હું ટી ૨૦ વર્લ્ડ કપ મેચ માટે મુંબઈ પહોંચ્યો છું. યુએસ ટીમ માટે મોટો દિવસ. યુએસ ટીમને શુભકામનાઓ." રાષ્ટ્રગીત દરમિયાન, ગોરે જય શાહની બાજુમાં ઊભા રહ્યા, અને તરત જ યુએસ ખેલાડીઓને મળ્યા. ભારત અને યુએસ વચ્ચેની આ માત્ર બીજી ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ હતી. ભારતે ૨૦૨૪ ટી ૨૦ વર્લ્ડ કપમાં બંને ટીમો વચ્ચેની પહેલી મેચ સાત વિકેટથી જીતી હતી.

# સુરતના અમરોલીમાં બાળકોની બોલાચાલીમાં સમજાવવા ગયેલા પિતા-પુત્ર પર છરી વડે હુમલો : પુત્રનું મોત



સુરત,તા.૦૮

સુરત શહેરના અમરોલી વિસ્તારમાં આવેલા કોસાડ આવાસમાં ૭ ફેબ્રુઆરીની રાત્રે નજીવી બાબતે થયેલા ઝઘડાએ લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. બાળકોના સામાન્ય વિવાદમાં સમજાવવા ગયેલા પિતા-પુત્ર પર પડોશીઓએ જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં ૩૦ વર્ષીય ફરીદ બંબાવાલા નામના યુવકનું કરુણ મોત નિપજ્યું છે, જ્યારે તેના પિતા ગંભીર રીતે ઘાયલ થતા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અમરોલીના કોસાડ આવાસના H-૧ બ્લોકમાં બાળકો વચ્ચે કોઈ વાતને લઈને બોલાચાલી થઈ હતી. આ મામલો થાળે પાડવા અને પડોશીઓને સમજાવવા માટે ૩૦ વર્ષીય મહોમ્મદ ફરીદ અઝીઝ બંબાવાલા અને તેમના પિતા ગયા હતા. જોકે, ઉશ્કેરાયેલા સામા પક્ષના લોકોએ સમજવાને બદલે પિતા-પુત્ર પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી દીધો હતો. આ હુમલો એટલો ભયાનક હતો કે ફરીદ બંબાવાલાને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર મળે તે પહેલા જ તેણે દમ તોડી દીધો હતો.

# રશિયાના ઉફા સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીમાં છરાબાજી થતા ૪ ભારતીય વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઘાયલ



મોસ્કો,તા.૮

રશિયામાં ઉફા સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીની હોસ્ટેલમાં છરાબાજીની ઘટના બની છે. હુમલામાં ચાર ભારતીય વિદ્યાર્થીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કરતી વખતે બે પોલીસ અધિકારીઓ પણ ઘાયલ થયા છે. અહેવાલ મુજબ, બશ્કોર્ટોસ્તાન પ્રજાસત્તાકની એક યુનિવર્સિટીમાં વિદેશી વિદ્યાર્થી છાત્રાલયના સ્પોર્ટ્સ હોલમાં છરીથી હુમલો થયો હતો. આ હુમલામાં ચાર ભારતીય વિદ્યાર્થીઓ સહિત આઠ લોકો ઘાયલ થયા હતા. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કરતી વખતે બે પોલીસ અધિકારીઓ પણ ઘાયલ થયા હતા. રશિયામાં ભારતીય દૂતાવાસે શનિવારે રાત્રે જણાવ્યું હતું કે રશિયાના ઉફામાં થયેલા હુમલામાં ઘાયલ થયેલા લોકોમાં ચાર ભારતીય વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. દૂતાવાસે વધુમાં જણાવ્યું હતું કે તે અધિકારીઓ સાથે સંપર્કમાં છે અને "કાઝાનમાં કોન્સ્યુલેટ અધિકારીઓ ઘાયલ વિદ્યાર્થીઓને મદદ કરવા માટે ઉફા જઈ રહ્યા છે."

# ગાંધીનગરના પ્રોફેસર ધર્મેશ અધ્યારૂને સાયન્સ ટીચર એવોર્ડ અપાયો



અમરેલી,તા.૦૮

તા.૦૭ના રોજ બાયોલોજીકલ સાયન્સ વિષયમાં દેશ-વિદેશના વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ અને માર્ગદર્શન આપવા બદલ “ડૉ.અચલ મલ સિંઘવી બાયોલોજીકલ સાયન્સ ટીચર એવોર્ડ-૨૦૨૫” મૂળ અમરેલીના અને હાલ ગાંધીનગરના પ્રોફેસર ડો.ધર્મેશ એન. અધ્યારૂને એનાયત થયો છે. આ સન્માન ગુજરાત સાયન્સ એકેડમી (GSA) દ્વારા આયોજિત ૩૭મી ગુજરાત સાયન્સ કોંગ્રેસની વાર્ષિક કોન્ફરન્સ દરમિયાન અપાયું હતું. મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ડૉ. એન. રંજના, સાયન્ટિસ્ટ-H અને ડિરેક્ટર, ફ્યુચરિસ્ટિક ટેકનોલોજી મેનેજમેન્ટ, DRDO, ભારતના હસ્તે એવોર્ડ એનાયત થયો હતો.

# ધોરાજીમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામ મંદિર ખાતે સંત રવિદાસ જયંતિની ભાવભેર ઉજવણી



ધોરાજી,તા.૦૮

ધોરાજીમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામ મંદિર ખાતે સંત રવિદાસ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ નિવૃત્ત ફોજી મનોજભાઈ સોંદરવાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત રામ મંદિરના મહંત તથા ઉપસ્થિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. કાર્યક્રમના મુખ્ય વક્તા અર્જુન સ્કૂલના પ્રિન્સિપાલ સુધીરભાઈ બધિયાણીએ સંત રવિદાસજીના જીવન વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

## મોટા ભંડારીયા ગામે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



અમરેલીના મોટા ભંડારીયા ગ્રામ પંચાયત અને સદભાવના ફાઉન્ડેશન દ્વારા ૬,૦૦૦ રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું. રાજ્યના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજાના હસ્તે વૃક્ષારોપણ કરાયું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, ખેડૂત અગ્રણી જયસુખભાઈ કસવાળા તેમજ સરપંચ, ઉપસરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.

# સીમાસી ગામે મતદાર યાદી મુદ્દે મુસ્લિમ સમાજની પ્રાંત અધિકારી સમક્ષ રજૂઆત



દામનગર, તા.૦૮

ઉના તાલુકાના સીમાસી ગામમાં મતદાર યાદી સંબંધિત મુદ્દે મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં માંગ કરવામાં આવી છે કે ગામમાં ભરાયેલા તમામ ફોર્મ-૭ ની સઘન અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેમજ જે મતદારો હયાત છે અને સ્થળાંતર કર્યું નથી તેમના નામ મતદાર યાદીમાંથી કાપવામાં ન આવે. આક્ષેપ મુજબ ગામમાં રહેણાંક ધરાવતા તથા ખાતેદાર ખેડૂત તરીકે નોંધાયેલા વ્યક્તિઓના નામ સામે અજાણ્યા લોકો દ્વારા ખોટા વાંધા રજૂ કરી ફોર્મ-૭ દાખલ કરવામાં આવ્યા છે. પ્રાથમિક માહિતી અનુસાર આશરે ૧૯૬થી વધુ મતદારોના નામ સામે આવા ફોર્મ ભરાયા હોવાનું સામે આવ્યું છે. ગ્રામજનોએ આને મુસ્લિમ સમાજને મતાધિકારથી વંચિત રાખવાનો પ્રયાસ ગણાવી બંધારણીય હકોની રક્ષા માટે યોગ્ય પગલાં લેવાની માંગણી કરી છે. સમગ્ર મામલે તંત્ર દ્વારા નિષ્પક્ષ તપાસ હાથ ધરવાની માંગ ઉઠી છે.

# ગોંડલના શિવમ સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખની રજૂઆતથી સિવિલ હોસ્પિટલમાં ફિઝિયોથેરાપી વિભાગનું નવીનીકરણ કરાયું




ગોંડલ,તા.૦૮

ગોંડલ અને તેની આસપાસના વિસ્તારના નાગરિકોને ઉત્તમ આરોગ્ય સેવાઓ મળી રહે તે હેતુથી સિવિલ હોસ્પિટલમાં ફિઝિયોથેરાપી વિભાગ ૧૦ વર્ષથી કાર્યરત છે. જેમાં દરરોજના ૪૫-૫૦ દર્દીઓ સારવાર માટે આવતા હતા. પરંતુ દર્દીઓની સુવિધામાં વધારો થાય તે માટે ગોંડલના ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજા, અશોકભાઈ પીપળીયા, સેવાકીય પ્રવૃત્તિ ચલાવતા શિવમ સાર્વજનિક ટ્રસ્ટના પ્રમુખ દિનેશભાઈ માધડ દ્વારા સરકારને લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હતી. જે અંગે સરકાર તરફથી હકારાત્મક જવાબ મળતા તાત્કાલિક ફીઝિયોથેરાપી વિભાગની જગ્યાને વધારવાની મંજૂરી આપતા દર્દીઓની સુવિધામાં વધારો થયો હતો. ગોંડલ સિવિલ હોસ્પિટલ ખાતે રાજકોટ જિલ્લાના RDD ડો.ક્રિષ્નાબેન હરીયાણી, ઈન્ચાર્જ સિવિલ હોસ્પિટલ અધિક્ષક ડો. માલાબેન પુંજાણીના માર્ગદર્શન હેઠળ આધુનિકીકરણ સાથે આધુનિક સાધનોથી સજ્જ, દર્દીઓને બેસવા માટે સુવિધા, વ્હિલચેર, RO ફિલ્ટર પાણી, ઈન્વરટર, દર્દીઓ માટે આરામદાયક વાતાવરણ ઊભું કરી દર્દીઓની સારવારને વધુ સચોટ બનાવવા તથા સામાન્ય જનતાને ઉચ્ચ સ્તરની ફિઝિયોથેરાપી સેવાઓ વિનામૂલ્યે મળી રહે તેવા ઉમદા હેતુ સાથે આ વિભાગને વધુ કાર્યક્ષમ બનાવામાં આવ્યો છે.

# વિંછીયા તાલુકાના અમરાપુર ગામની સીમથી ગેરકાયદેસર દારૂ બનાવતી ફેક્ટરી ઝડપાઈ

જસદણ, તા.૮

રાજકોટ ગ્રામ્ય એલસીબી (LCB)ને મળેલી બાતમીના આધારે કાર્યવાહી કરતાં વિંછીયા તાલુકાના અમરાપુર ગામના સીમ વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે દારૂ બનાવતી ફેક્ટરી ઝડપી પાડવામાં આવી હતી. તપાસ દરમિયાન ખુલ્યું કે આરોપીઓ ડુપ્લિકેટ દારૂ તૈયાર કરી તેનો સપ્લાય કરતા હતા. આ મામલે આરોપી જીતેશ વીરાભાઈ સોલંકી, પ્રદીપ કાળુભાઈ સાગઠીયા અને રણજીત નાથાભાઈ વાસાણી તેમજ બે સગીર વયના બાળકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાંથી હિતેશ



સોલંકી અને પ્રદીપ સાગઠીયાની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે રણજીત નાથાભાઈ વાસાણી હાલ ફરાર હોવાનું સામે આવ્યું હતું અને તેને ઝડપી લેવા અમરાપુર પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરોડા દરમિયાન રાજકોટ ગ્રામ્ય એલસીબીએ નાની-મોટી કુલ ૨૧૮ બોટલો, જેની કિંમત રૂ. ૬૮,૦૧૬ થાય છે તેમજ દારૂ બનાવવામાં ઉપયોગ થતું લિક્વિડ, જેની કિંમત રૂ. ૧,૨૮,૩૯૬ થાય છે, સહિત કુલ રૂ. ૧.૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સમગ્ર મામલે પોલીસે આગળની તપાસ શરૂ કરી હતી.

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પાછળ ઠેલાય તેવી સંભાવના, પાલિકાઓમાં વહીવટદારનું શાસન આવશે?

ગાંધીનગર, તા.૮

ગુજરાતના રાજકીય અને વહીવટી વર્તુળોમાં આગામી મહિનાઓ માટે મહત્વના ફેરફારના સંકેતો મળી રહ્યા છે. રાજ્યમાં 'મિની વિધાનસભા' તરીકે ઓળખાતી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ હવે સમયસર યોજાવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે. પરિણામે અમદાવાદ સહિત રાજ્યની ૧૭ મહાનગરપાલિકાઓ, ૮૦ નગરપાલિકાઓ, ૩૧ જિલ્લા પંચાયતો અને ૧૮૦થી વધુ તાલુકા



પંચાયતોમાં તાત્કાલિક સમયગાળા માટે વહીટદાર રાજ લાગુ થવાની પ્રબળ શક્યતા ઉભી થઈ છે. મુખ્ય કારણ તરીકે સીમાંકન, અનામત બેઠકોનું પુનઃનિર્ધારણ અને મતદાર યાદીની અંતિમ પ્રક્રિયામાં વિલંબ સામે આવી રહ્યો છે. ખાસ કરીને આ વખતે ૨૭ ટકા ઓબીસી અનામતના અમલ અને વસ્તી ગણતરીના આધારે બેઠકો ફાળવવાની પ્રક્રિયા હજી પૂર્ણ ન થતાં ચૂંટણીની સમયરેખા આગળ ખસતી જાય છે. નવરચિત મહાનગરપાલિકાઓમાં વોર્ડ રચના અને વહીવટી માળખું ગોઠવવામાં પણ નોંધપાત્ર સમય લાગી રહ્યો છે. વહીવટી સૂત્રોના જણાવ્યા મુજબ, હાલની ચૂંટાયેલી પાંખોની મુદત પૂર્ણ થતા જ રાજ્ય સરકાર દ્વારા આ તમામ સંસ્થાઓમાં કલેક્ટર અથવા ડેપ્યુટી કલેક્ટર કક્ષાના અધિકારીઓને વહીવટદાર તરીકે નિયુક્ત કરવામાં આવશે.

# ટ્રેક્ટરમાં ઘાસચારાની આડમાં મધ્યપ્રદેશથી ગુજરાતમાં લવાતો દારૂ ઝડપી પાડતી પોલીસ

મહિસાગર, તા.૮

ગરબાડા પોલીસ મથકની ટીમે બુટલેગરોના નવા કીમિયાને નિષ્ફળ બનાવ્યો છે. ખેડૂતના ટ્રેક્ટરમાં ઘાસચારાની આડમાં મધ્યપ્રદેશથી ગુજરાતમાં લાવવામાં આવી રહેલી ૧૯૨૦ વિદેશી દારૂની બોટલો પોલીસે ઝડપી પાડી છે. આ સાથે ટ્રેક્ટર-ટ્રોલી સહિત કુલ ૭ લાખ ૬૪ હજાર ૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ગરબાડા પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ. એમ. રાદડિયાના માર્ગદર્શન હેઠળ જમાદાર શૈલેષભાઈ અમલીયાર અને તેમની ટીમ ગરબાડા વિસ્તારમાં બુટલેગરો અને નશાના તસ્કરોને પકડવા માટે સતત પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન પોલીસને બાતમી મળી કે ગરબાડાના ચંદલા ગામ પાસે પાસિયા રસ્તા પર એક ટ્રેક્ટરમાં ઘાસચારાની નીચે છુપાવીને વિદેશી દારૂનો મોટો જથ્થો મધ્યપ્રદેશથી ગુજરાતમાં લાવવામાં આવી રહ્યો છે. ઘાસચારાની નીચે છુપાવેલી ૧૯૨૦ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો.

# રાજકોટમાં હેમુ ગઢવી હોલમાં 'હું નથુરામ ગોડસે' નાટકનો જોરદાર વિરોધ, કોંગ્રેસ કાર્યકરોએ તોડફોડ કરી

રાજકોટ, તા.૮

રાજકોટ શહેરમાં આવેલા હેમુ ગઢવી હોલમાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા ધમાલ મચાવવામાં આવી હતી. હેમ ગઢવી હોલમાં આજે 'હું નથુરામ ગોડસે' નાટક ભજવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ નાટક શરૂ થાય તે પહેલા કોંગ્રેસના કાર્યકરો પહોંચી ગયા હતા, અને સેટમાં તોડફોડ કરી હતી. કોંગ્રેસ કાર્યકરોએ ભારે વિરોધ નોંધાવતા પોલીસની



ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. રાજકોટના હેમુ ગઢવી હોલમાં 'હું નથુરામ ગોડસે' નાટક શરૂ થાય તે પહેલા જોરદાર વિરોધ જોવા મળ્યો હતો. રાજકોટ શહેર કોંગ્રેસ અને NSUIના કાર્યકર્તાઓએ હેમુ ગઢવી હોલમાં પહોંચી તોડફોડ કરી હતી. કોંગ્રેસના કાર્યકરોએ કહ્યું કે આ નાટક દ્વારા નથુરામ ગોડસેને હીરો બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રાજકોટના હેમુ ગઢવી હોલમાં કોંગ્રેસના વિરોધ વચ્ચે પોલીસ પહોંચી હતી અને કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. આ અંગે વાત કરતા નાટકના નિર્માતા સેજલ પેન્ટરે કહ્યુ કે, જે લોકો પોતાને ગાંધીવાદી ગણાવે છે તેઓ હિંસા પર કેમ ઉતરી આવ્યા છે.

# ચકચારી 'ઓનર કિલિંગ' કેસમાં ૯ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારતી ડીસા કોર્ટ

પાલનપુર, તા.૮

બનાસકાંઠા જિલ્લાની ડીસા સેશન્સ કોર્ટે આજે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો છે. પાલનપુરના ગોઢ ગામમાં એક વર્ષ અગાઉ થયેલા ચકચારી હત્યાકાંડમાં કોર્ટે તમામ ૯ આરોપીઓને દોષિત ઠેરવી 'આજીવન કેદ'ની સજા ફટકારી છે. પ્રેમલગ્નના મનદુઃખમાં કરવામાં આવેલી આ હત્યાને કોર્ટે 'ઓનર કિલિંગ' ગણાવી સમાજ માટે અત્યંત ઘાતક ગણાવી છે. આ કેસની વિગત મુજબ, આશરે એક વર્ષ અગાઉ પાલનપુરના ગોઢ ગામના એક યુવાને પ્રેમલગ્ન કર્યા હતા. આ પ્રેમલગ્ન યુવતીના પક્ષના લોકોને મંજૂર નહોતા. આ બાબતનું મનદુઃખ રાખીને ઉશ્કેરાયેલા શખ્સોએ યુવાનની નિર્મમ હત્યા કરી નાખી હતી. પ્રેમ જેવા પવિત્ર સંબંધ અને લગ્નના બંધનને કારણે પરિવારની કથિત આબરૂ જતી હોવાના વહેમમાં આ ક્રૂર કૃત્યને અંજામ આપવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં ભારે ચકચાર મચી ગઈ હતી.

# અંકલેશ્વરમાં ટ્યુશન ક્લાસ ચલાવતા ૬૩ વર્ષીય પ્રૌઢે ૧૩ વર્ષીય વિદ્યાર્થિની પર દુષ્કર્મ આચરતા નરાધમ સામે ફીટકાર

અંકલેશ્વર, તા.૮

અંકલેશ્વરમાં એક શરમજનક ઘટના સામે આવી છે, જે સમાજના આધારસ્તંભ માનવામાં આવતા શિક્ષણ ક્ષેત્રને ધબ્બો લગાવે છે. એક ૬૩ વર્ષીય ખાનગી ટ્યુશન ક્લાસ સંચાલકે 'એક્સ્ટ્રા ક્લાસ'ના બહાને ૧૩ વર્ષીય નાબાલિક વિદ્યાર્થિનીને વારંવાર દુષ્કર્મનો શિકાર બનાવી હતી. આ અમાનવીય કૃત્યોને કારણે પીડિત છોકરીને દોઢ મહિનાની ગર્ભાવસ્થા



થઈ ગઈ, જેનાથી આખી ઘટના સામે આવી હતી. પોલીસે ત્વરિત કાર્યવાહી કરી આરોપીને ધરપકડ કરી લીધી છે અને પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ કેસ નોંધી તપાસ શરૂ કરી છે. આ ઘટના અંકલેશ્વરના બી ડિવિઝન પોલીસ સ્ટેશનના અધિકારીઓને મળેલી ફરિયાદ પર આધારિત છે. મળતી માહિતી અનુસાર, આરોપી ધનંજયસિંહ રામઅવતાર સિંહ નામનો આ વ્યક્તિ છેલ્લા ચાર વર્ષોથી અંકલેશ્વરના ગામડામાં ખાનગી ટ્યુશન ક્લાસ ચલાવતો હતો. તેમણે પીડિતા છોકરીને વારંવાર 'એક્સ્ટ્રા ટ્યુશન' અથવા 'ખાસ ક્લાસ'ના નામે દર રવિવારે એકલી બોલાવતો હતો અને તેની સાથે અનૈતિક અને શારીરિક શોષણના કૃત્યો આચર્યા હતા.

# અમદાવાદમાં ઈ-કોમર્સ સાઈટ સાથે છેતરપિંડી કરતી આંતરરાજ્ય 'સ્વિચ એન્ડ સ્કેમ' ગેંગનો પર્દાફાશ

અમદાવાદ, તા.૮

ક્રાઈમ બ્રાન્ચે છેતરપિંડીના ગુનાઓ ઉકેલવા અમદાવાદ, સુરત, વડોદરા તેમજ રાજસ્થાન સુધી ફેલાયેલી ગેંગનું નેટવર્ક તોડી પાડ્યું છે. હાલ પાંચ આરોપીઓની ધરપકડ કરી રૂ. ૨૦.૫૨ લાખથી વધુનો મુદ્દામાલ અને સાધનો કબજે કરવામાં આવ્યા છે. આ ગુનામાં પકડાયેલા આરોપીઓમાં રામલાલ ઉર્ફે રોમિલ ગેહલોત, મનોજ




કુમાર માલી, ભરત કુમાર સુંદેશા (માલી), વિશાલ હસમુખભાઈ પંચાલ અને વિશાલ કાનજીભાઈ બાવરીનો સમાવેશ થાય છે. જ્યારે આ કૌભાંડમાં સંડોવાયેલા રિષિપાલ ભાટી અને વિનોદ નામના બે આરોપી હજુ ફરાર છે, જેમની શોધખોળ માટે ક્રાઈમ બ્રાન્ચની ટીમો રવાના કરવામાં આવી છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે, ગેંગની ઈ-કોમર્સ સાઈટને છેતરવા અલગ જ મોડસ ઓપરેન્ડી હતી. જેમાં મુખ્ય સૂત્રધાર પોતાના સાગરીતોને કુરિયર કંપનીઓમાં ડિલિવરી બોય તરીકે ગોઠવતો હતો. ફેક યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી મોંઘા મોબાઈલ, ગેજેટ્સ અને અન્ય ઈલેક્ટ્રોનિક્સના ઓર્ડર મૂકવામાં આવતા હતા.

# સુરતનાં વરાછામાં સુટબૂટ પહેરી તોડ કરવા નીકળેલો નકલી આઈટી ઓફિસર પોલીસના હાથે ઝડપાયો

સુરત, તા.૮

શહેરમાં જાણે અક્ષય કુમારની 'સ્પેશિયલ ૨૬' ફિલ્મનું શૂટિંગ ચાલતું હોય તેવા દ્રશ્યો વરાછાની ગ્લોબલ ટેક્સટાઈલ માર્કેટમાં સર્જાયા હતા. રાજસ્થાનના પાલીથી આવેલા એક ભેજાબાજે ઈન્કમટેક્સ ઓફિસરનો સ્વાંગ રચી વેપારીઓને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેની 'ઓવર-એક્ટિંગ' તેને ભારે પડી ગઈ હતી. વરાછા પોલીસે બાતમીના આધારે




છટકું ગોઠવી આ નકલી અધિકારીની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. રાજસ્થાનના પાલી જિલ્લાનો ૫૧ વર્ષીય વિજયસિંહ રાવતસિંહ ચૌહાણ માત્ર એક દિવસ પહેલા જ સુરત આવ્યો હતો.

# રાજ્યમાં 'બેવડી ઋતુ' : દિવસે ગરમી, રાત્રે ઠંડી, ૧૩ ફેબ્રુ. સુધી વરસાદની શક્યતા નહી

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં હવામાન ફરી એકવાર ઝડપથી બદલાઈ રહ્યું છે. રાત્રે અને સવારે થોડી ઠંડી બાદ, સૂર્ય હવે ચમકી રહ્યો છે. જોકે, સાંજ પડતાં જ ઠંડી પાછી ફરી છે. ભારતીય હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી ચાર દિવસ સુધી હવામાનમાં ઉતાર ચઢાવ ચાલુ રહેશે. બે સક્રિય પશ્ચિમી વિક્ષેપોના કારણે અનેક રાજ્યોમાં વરસાદ અને પહાડી વિસ્તારોમાં બરફવર્ષા થવાની ધારણા છે. મેદાનોથી પર્વતો સુધી તેની અસરો અનુભવાઈ રહી છે. આ બદલાતી હવામાન પદ્ધતિ લોકોના સ્વાસ્થ્યને પણ અસર કરી શકે છે, તેથી સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવે છે. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ગુજરાતમાં ૧૩ ફેબ્રુઆરી સુધી તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થવાની સંભાવના નથી. ૧૩ ફેબ્રુઆરી સુધી ગુજરાતમાં હવામાન શુષ્ક રહેશે, વરસાદની કોઈ શક્યતા નથી. છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યમાં હવામાનમાં સતત



ફેરફારથી રોજિંદા જીવન પર અસર પડી છે. ક્યારેક કડકડતી ઠંડી પડે છે, તો ક્યારેક બપોરે ગરમી પડે છે. નોંધનીય છે કે, મોડી રાતથી વહેલી સવાર સુધી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે, ત્યારબાદ બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ગુજરાતના હવામાન નિષ્ણાતોએ આગાહી કરી છે કે ૮ ફેબ્રુઆરીથી ૧૧ ફેબ્રુઆરી દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે જશે, જેના પરિણામે દિવસના તાપમાનમાં થોડો ઘટાડો થશે. જોકે, ૧૧ ફેબ્રુઆરી પછી મહત્તમ તાપમાન ફરી વધવાની ધારણા છે. રાત ઠંડી રહેશે, જેના કારણે ગરમ દિવસો અને ઠંડી રાતનું મિશ્રણ થશે જે ''બેવડી ઋતુ'' ની અસર છે. આજથી પવનની ગતિમાં ઘટાડો થવાની આગાહી કરવામાં આવી છે. જોકે, ૧૧ થી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન પવનની ગતિમાં વધારો થવાની સંભાવના છે, જે સંભવિત રીતે ૧૫ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચશે.







